R.N.I. No. : 11555 / 1966
Vol No. 66 - Issue No. 11
Price Rs. 1/-

February - 2022
Total : 40 Pages



# જ્યોતિપુંજ

## JYOTI PUNJ



legrand®
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST
matchwell ELECTRIC COMPANY

## COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

**WHY LEGRAND AT MATCHWELL**

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

# MATCHWELL ELECTRIC COMPANY
## HINDUSTAN TAPEX COMPANY

**ADMINISTATIVE SHOP :** Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
**PHONE** : 66336766/ 22080067/ 22063916. **TALLKFREE** :- 022-39567272 /373
**E-mail** : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

**DISPLAY SHOWROOM :** Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
**PHONE** : 022-39567627/ 022-49764924/ **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).**
**E-mail** : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).**

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite WD-40 M-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૫ | ૧૧ | ૨૧-૦૨-૨૦૨૨ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)**

**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**

**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

**નિલેશ દેસાઈ**



પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

DDD

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

DDD

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

DDD

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
Visit us at www.balasinor.org


# પ્રેમ પત્ર

**તંત્રી સ્થાનેથી**

- **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

વ્હાલા બાલાસિનોરવાસીઓ,

ઈન્ટરનેટના યુગમાં પત્ર લખવો એને અવસર ગણવો ? હરહંમેશ રફતારમાં વહેવા કરતાં સમજીને વિરામ કરવો એ શાણપણ ?

પંચમના ઝરૂખેથી આજે તમને નિરાંતની પળોમાં પ્રેમથી બે અક્ષર લખવા બેઠો છું. પ્રેમ... અઢી અક્ષરનો શબ્દ. મનના ભાવને, હૃદયની ઉર્મિઓને, ધડકતા દિલના સ્પંદનોને શબ્દો દ્વારા, નયનો દ્વારા, ઈશારાથી પ્રગટ કરવો તે પ્રેમ. પ્રાચીન સમયથી ઓળખાતો પ્રેમ અર્વાચીન યુગમાં વેલેન્ટાઈનના નામે ઓળખાય છે, પ્રચિલત છે. વ્યક્તિનો વેલેન્ટાઈન કોઈપણ હોઈ શકે માતા, પિતા, ભાઈ, બહેન, મિત્ર, સ્વજન, ગુરુજન કોઈપણ. આમ એ વ્યક્તિ વચ્ચેનો પ્રેમ તે વેલેન્ટાઈન. આજે મારે મિત્રભાવે તમારી સમક્ષ મારો પ્રેમ પ્રગટ કરવો છે. વાર-તહેવારે, પ્રંસગોએ, લગ્નમાં, રસોત્સવમાં મળવું બંધ થઈ ગયું બસ ત્યારથી આપણા અકબંધ સંબંધોને ફંફોસ્યા કરું છું. મીઠું મધુર સ્મિત, હસ્તધૂનન, હૈયાની બે વાત, ખબર-અંતર, રહી રહીને યાદ આવતાં જમણવાર કંઈ કેટલુંય બાપુજીની લાકડીના ધાકની સામે મુંગુમંતર થઈ સંતાઈ ગયું છે.

આ તો કુદરત રૂઠી છે. કાળમુખો કળિયુગ યુગને ગળી જવાનું કળી ગયો હોય તેમ નીતનવા વરવા સ્વરૂપે કોરોનાના રાક્ષસ પંજા પ્રસારે છે, પ્રજાને રંજાડે છે. ઈન્ડીયન કે ઈમ્પોર્ટેડ બુસ્ટરની ચોઈસ પહેલા કોરોના - મ્યુટેશનનો મણિધર માથું ઉંચકે છે ને રહ્યો સહ્યો મ્હાંયલો ભોંય ભેગો થઈ બરાડા પાડેછે.


SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension – *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™ FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
D-Link®
Building Networks for People
CAT5E
CAT6
CAT6A

આપણું જીવતદાન એ તો આપણા વડીલોએ કરેલું પુણ્યકર્મ છે. જે આપણાને બચાવે છે ને સાચવે છે. ઘેઘૂર વડલો અનેક જીવને મીઠો છાંયડો આપે તેમ ઉદારદિલ દાતાઓનો દાનનો ધોધ સંસ્થાઓના સહારે વહેતો થયો તે અનેક જીવને, કુટુંબને શાતા આપતો ગયો, ઉગારતો ગયો. સમાજની સંસ્થાઓએ વ્યાપ વધાર્યો, અનેકવિધ નવી નવી જાહેરાતો કરી લોક કાળજે ઠંડક કરી.

દાતાઓના દાન, સંસ્થાઓના અવિરત કાર્યો ને આજે વધાવવાનો અવસર આવી પહોંચ્યો છે. દાનવીરો, સંસ્થાઓના સર્વ ઘડવૈયા, સૂત્રધાર અને ચાલકોને અભિનંદન કરવાનો, માન સન્માનના ઉપરણા ઓઢાડવાનો ફાગમ મ્હોર્યો છે. માનવ સેવાનો આ ફગવો બાલાસિનોરની ઈતિહાસમા હરહંમેશ માટે સુવર્ણ અક્ષરે લખાશે. બાલાસિનોરનો બાદશાહ બાલાસિનોરની પ્રજા માટે ખડેપગે તૈયાર છે એનું આ જીવતું જાગતું ઉદાહરણ છે.

જ્યાં કળ વળે ત્યાં અને ત્યારથી જ બીજાને પણ બળ મળે એવા કાર્યો કરવાની અમે ભેખ લીધી છે. આવા સભ્ય સમાજના લોકો માટે મને ગર્વ છે.

મારો સમાજ મારું સર્વસ્વ છે. હું સમાજનો એક ભાગ છું તેનો મને ગર્વ છે. હું બાલાસિનોરવાસી છું તેનો મને ગર્વ છે.

ઢોલ, શરણાઈ ને નગારા વગાડો. ગોકુળના પેંડા ખવડાવી જે જે શ્રી ગોકુલેશનો જયઘોષ કરતાં જાવ, હાથમાં હાથ મિલાવી કદમ બઢાવતા જાવ, આપણાં સમાજનું જોશ અને હોંશ યુવા દિલ-જેવું છે. જેને હું અનહદ્ પ્રેમ કરું છું. મારા પ્રેમનો આપ સ્વીકાર કરો.

G


**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

(જ્યોતિર્વિદ-મુંબઈ)

**Sankalp Astrologist & Palmist**

તથા

જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.

મો. - ૯૫૯૪૩૨૬૨૦૨

**Yoga By Bankim Parikh**

ONLINE YOGA SESSIONS

CONNECT WITH YOUR SOUL

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

Bankim : 9820434322
Shachi : 8097779825

RELEASE YOUR MIND AND BODY

# Mediclaim

## Cashless - Policy

**Entry Age Till 75 Yrs**

**No Medical Test Required**

**Special Plan for**

- ★ Diabetes Patients
- ★ Cancer Patients
- ★ Heart Patients
- ★ Senior Citizen
- ★ Family Floater

**Hardik Nalin Suthar**

**Call - 8655886011 / 9769454999**

# વેલેન્ટાઈન ડે

- નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)

હમણાં જ 'વેલેન્ટાઈન ડે' મનાવવામાં આવ્યો ત્યારે પોતાનાં પ્રિય પાત્રને ભેટ અથવા ગિફ્ટ આપવા માટે ભીડ જામી! કાર્ડસ, લવલેટર્સ, નેકલેસ, ડ્રેસીઝ, સેલફોન, ઘડિયાળ વગેરે અનેક પ્રકારની ગિફ્ટ આપવા માટે 'યંગ જનરેશન' હરખપદૂડું થયેલું. આજની એકવીસમી સદીનું યંગીસ્તાન 'વેલેન્ટાઈન ડે' ના દિવસે પોતાનાં પ્રિયપાત્રનાં સાંનિધ્યમાં મૂવીઝ જોવું. ગાર્ડનમાં હાથમાં હાથ નાખી ટહેલવું. આટલું પૂરતું નથી તેમ ચુંબન કરવાનો અવસર પણ ચૂકતા નથી. ઈન્ડિયન યંગીસ્તાનને આમાં રચ્યાપચ્યા રહેવું વધારે ગમે છે. ये हुई ना बात આવી રોમેન્ટિક ક્ષણોમાં મલ્ટીપ્લેક્સ, મોલ્સ, હોટેલ્સ, ગાર્ડન વગેરે પ્રેમ વ્યક્ત કરવાનાં પ્રતિ સમાં સ્થળોએ લવર્સ એન્ડ કપલ્સ પ્રેમ વ્યક્ત કરતાં જોવા મળશે.

ખબર નહીં કેમ જેમ શ્રાવણ મહિનો આવે અને ભક્તિનું ઘોડાપૂર આવે તેવી જ રીતે વેલેન્ટાઈન ડે આવતાં જ પ્રેમમાં ગાંડુપૂર આવે. વેલેન્ટાઈન ડે નાં દિવસે પ્રેમીઓ એકબીજાને સાથે જીવવાનાં અને સાથે મરવાનાં કોલ આપતા હોય છે. 'વેલેન્ટાઈન ડે' ગયો કે 'फिर वोही दास्तान, वो ही कहानी' રૂટિન જિંદગી. 'હમ કહાઁ તુમ કહાઁ. જેવું થતું હોય છે. બસ, આપણે તો સ્ત્રી પાત્રને જ 'વેલેન્ટાઈન ડે' નિમિત્તે પ્રેમ વ્યક્ત કરી હૃદયમાં રહેલા ભારને હળવો કરીએ છીએ. આમ જ આપણો 'વેલેન્ટાઈન ડે' હોય છે.

એક વાત તો સાચી છે કે પશ્ચિમી સંસ્કૃતિમાં એવું કંઈક છે જેનું આપણને ખેંચાણ છે. મોટા ભાગે ભારતીય યુવાનો ભારતીય સંસ્કૃતિના તહેવારોથી વિમુખ થતાં જાય છે. વેસ્ટર્ન કલચર્સના વિવિધ ડેમાં ઈન્ડિયન યંગીસ્તાનને રસ છે. (અહીં વેસ્ટર્ન ફેસ્ટિવલનો વિરોધ જરા પણ નથી. દુનિયામાં સારું જે છે તેને ખુલ્લા મનથી સ્વીકારવું જ જોઈએ) ધૂળેટીનાં તહેવારમાં કેટલાં યુવાનો પિચકારી લઈને રંગોની છોળ ઉડાડતા હોય છે ? ગણ્યા ગાંઠયા યુવાનો ધૂળેટીની મોજ માણતા હોય છે. આમ જ જન્માષ્ટમી વખતે પણ બનતું હોય છે. આપણને આપણા ભવ્ય વારસાનું જતન કરવામાં દિલચસ્પી નથી કે શું ? જન્માષ્ટમી વખતે રાત્રે બાર વાગ્યાનાં ટકોરા સુધી કેટલા યુવાનો કૃષ્ણ જન્મોત્સવમાં ઘેલા બનતાં હશે ? બાકી તો જન્માષ્ટમીનાં નામે મલ્ટીપ્લેક્સમાં જઈને મુવીઝ જોવાનું નહીં ચુકે ? સમજાતું નથી - WHY ? આપણે આપણા વારસાને કેમ વિસરવા માંગીએ છીએ ?

આપણા માનસપટ પર એમ જ છે કે 'વેલેન્ટાઈન ડે' એટલે સ્ત્રી પાત્ર પ્રત્યે પ્રેમ વ્યક્ત કરવાનો દિવસ. 'વેલેન્ટાઈન ડે' આવે કે પ્રેમીઓમાં પ્રેમનો ઉભરો આવે જેમ સોડામાં આવે. આ ઉભરો પણ ક્ષણિક. પ્રેમ એ રમત નથી કે નથી નાટક જેને ભજવવાનું હોય. પ્રેમ એ આત્માનું મધુર સંગીત છે જેને માણવાનું હોય. જે હૃદયનાં ધબકારને સતત ધબકતા રાખે છે. પ્રેમમાં પડવું સહેલું પણ નથી અને પડયા પછી બહાર નીકળવું પણ સહેલું નથી. પણ આપણે તો પ્રેમને શું માનીએ છીએ ખબર નહીં? ગાર્ડન, મલ્ટીપ્લેક્સ કે કોલેજમાં નજર મળી. ટી-કેન્ટીનમાં મુલાકાત થઈ કે તરત પ્રેમ થયો ! શું આને પ્રેમ કહેવાય ? માત્રને માત્ર પ્રેમનાં નામે દંભ જ કહેવાય. વરિષ્ઠ લેખક પ્રેમચંદ કહેતાં કે,'પ્રેમ અને વાસનામાં એટલું જ અંતર છે જેટલું કંચન અને કાચમાં છે.' આજનું યંગીસ્તાન મોસ્ટ ઓફ પ્રેમનાં બહાને ફસાવીને પોતાની વાસના સંતોષતા હોય છે અને કંઈક નિર્દોષ જિંદગીઓ બરબાદ કરતા હોય છે.

૧૪ મી ફેબ્રુઆરી એટલે સ્ત્રી પાત્ર પ્રત્યે પ્રેમ પ્રદર્શિત કરવાનો દિવસ આ વિચાર આપણા મગજમાં બરાબર ફિટ થઈ ગયો છે. માત્રને માત્ર પોતાનાં પ્રિય પાત્રને વિવિધ ગિફ્ટ આપી પ્રેમ વ્યક્ત કરી 'વેલેન્ટાઈન ડે' ની ઉજવણી કરીશું કદાચ પોતાનાં પ્રિયપાત્ર સાથે ઝઘડો થયો હશે તો પણ તેને 'વેલેન્ટાઈન ડે' ના દિવસે


AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
elmex
SCI
ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
Innovative Power Solutions
SCI
TEKNIC
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

પોતાની ભૂલ ગણી પ્રિય પાત્રને મનાવી લેશે આ છે સંકુચિત માનસવાળાનો વેલેન્ટાઈન ડે.

હા... જેને પ્રેમ કરવો જ છે તેને પ્રેમ કરવાવાળા મળી જ રહેવાના. એક નવી વિચારધારા તરફ નજર કરીએ. 'વેલેન્ટાઈન ડે' ને વિશ્વ પ્રેમની ઉચ્ચ ભાવના સાથે જોડીએ! જેમ કે ગાંધીજીનાં વિશ્વપ્રેમનાં વિચારમાં ડોકિયું કરીએ. ગાંધીજીના શબ્દો 'આપણા પ્રેમનું સર્કલ આપણે વધારવું જોઈએ. તેમાં ગામ આવી જાય. ગામથી નગર, નગરથી પ્રાંત આમ પ્રેમનો વિસ્તાર સંપૂર્ણ વિશ્વ સુધી હોવો જોઈએ.' ગાંધીજીનો આ વિચાર સમજીએ તો 'વેલેન્ટાઈન ડે' નાં દિવસે માત્ર સ્ત્રી પ્રિય પ્રાત્રને જ નહીં પણ સમગ્ર માનવજાત પ્રત્યે પ્રેમની દ્રષ્ટિ કેળવવી પડશે. રામનાથ સુમન કહેતાં કે 'આ પ્રેમનું જીવનમાં આવાહન કરો, આમંત્રણ આપો. આ પ્રેમનો પોકાર સાંભળો. આ માટે તમારી ક્યાંય દૂર જવું નહી પડે. પ્રેમ સ્વયં તમને બોલાવી રહ્યો છે. સેંકડો સંકેતમાં સેંકડો પોકારમાં કેવળ જોવાની, સાંભળવાની જરૂર છે.'

૧૪ મી ફેબ્રુઆરી એ માત્ર એક સંકલ્પ 'વેલેન્ટાઈન ડે' ના દિવસે એકપણ વ્યક્તિ સાથે તુમાખીભર્યું આચરણ અને વ્યવહાર નહીં જ માત્રને માત્ર પ્રેમની પરાકાષ્ઠા જ! માત્ર પ્રિય પાત્ર જ નહીં મમ્મી-પપ્પા, ભાઈ-બહેન, પરિવાર, મિત્ર વર્તુળ, ગામ, સમાજ વગેરે બધે જ ભરપૂર પ્રેમરૂપી પાણીનો જ છટકાવ પછી જુઓ કેવી હરિયાળી છવાઈ જાય છે આપણા જીવનરૂપી બાગમાં! આનંદોની અદ્ભૂત અનુભૂતિનો આવિષ્કાર થશે જ બસ આપણે તો એલાર્મ જ એવું સેટ કરેલું છે જેમાંથી 'વેલેન્ટાઈન ડે' ના દિવસે જ પ્રેમ ઉત્તપન્ન થાય અને પ્રેમનો આવિષ્કાર થાય! શું બીજા દિવસોમાં પ્રેમ ન થાય ? શું પ્રેમ માત્ર સ્ત્રી પ્રિય પાત્રને જ થાય ? આ દિવસે પોતાનાં પરિવાર, મિત્ર વર્તુળને પ્રેમ ન થાય ? જો આ જ 'વેલેન્ટાઈન ડે' હોય તો આવો 'વેલેન્ટાઈન ડે' તે 'વેલેન્ટાઈન ડે' નહીં પણ 'વેઈન ડે' (નિરર્થક દિવસ) છે.

તો ચાલો, સાથે મળી સંકલ્પિત થઈ 'વેલેન્ટાઈન ડે' ને પોતાનાં પ્રિય પાત્ર સાથે જ પ્રેમ કરવાનો 'ડે' નહીં પણ સમગ્ર માનવજાત પ્રત્યે પ્રેમ કેળવી 'વેલેન્ટાઈન ડે' ને સંકુચિત ન રહેવા દેતા વૈશ્વિક બનાવી યુનિવર્સલ 'વેલેન્ટાઈન ડે' બનાવીએ. શક્ય છે કે ધાર્મિક સંગઠવો આવા યુનિવર્સલ 'વેલેન્ટાઈન ડે' નો વિરોધ નહીં જ કરે! 'વેલેન્ટાઈન ડે' ને માત્ર સ્ત્રી પ્રિય પાત્ર સાથે ન જોડતા સમગ્ર માનવજાત માટે ઉદ્દાત અને ઉચ્ચ પ્રેમની ભાવાના આત્મસાત કરી <u>વસુધૈવ કુટુમ્બકમ</u> ની વિચારધારા સાથે જોડીશું તો કદાચ 'વેલેન્ટાઈને સંત'ના આત્માને પરિતૃપ્તિનો ઓડકાર આવશે જ...

કિરીટ ગોસ્વામીની પંક્તિથી વિરામ લઈએ,

**'ફક્ત દિલની સફાઈ માંગે છે,**
**પ્રેમ ક્યાં પંડિતાઈ માંગે છે ?'**

અને છેલ્લે

**જે આપણને ચાહે છે તેનો પ્રેમ મેળવવો**
**એમાં જ માત્ર ડહાપણ નથી,**
**પરંતુ જે આપણને નથી ચાહતા તેનો પ્રેમ**
**પ્રાપ્ત કરવો એમાં ડહાપણ રહેલું છે.**

G

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને પ્રાપ્ત થયેલ દાન

**૧. શ્રી રક્ષીત જશવંત ગાંધી મેડીકલ સહાય માટે રૂા. ૨૫,૦૦૦/-**

**૨. સ્વ. નવનીતલાલ પુનમચંદ શાહ (સેવક) અને સ્વ. મંજુલાબેન નવનીતલાલ શાહ (સેવક હસ્તે : શ્રી હરેન્દ્રભાઈ મોદી તરફથી મેડીકલ સહાય માટે રૂા. ૧૫,૦૦૦/-**

**ઉપરોક્ત દાતાઓનો સંઘ આભાર માને છે.**

**મંત્રી - શ્રી ભાવેશ બિપીન મોદી** **પ્રમુખ - શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી**

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**

## AUTHORISED DEALERS


dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO





BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

# મૃત્યુ તો એક અંતિમ સત્ય છે

- રાજેશ કડકીઆ

કોઈના પ્રભાવમાં ન આવવું જોઈએ. કોઈના પ્રભાવમાં આવીને કે દેખાદેખી કરીને કરેલું કાર્ય ક્યારેય સંતોષરૂપ કે શુભ ફળદાયી નથી હોતું. તેનાથી આગળ જતાં અસંતોષ અને અશુભ ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. માટે હંમેશા આપણા ખુદના સદ્ગુણોને વિકસાવીને શુભ કર્મો કરવા. શુભ ફળ અચૂક મળશે જ.

શિવનો ભક્ત ન હોય, હરિનો ભક્ત ન હોય તો સઘળું નકામું છે. હરિનો ભક્ત હોય, કલ્યાણને ભજતો હોય, સંસારમાં શિવને કલ્યાણને ભજતો હોય એવાં જ લક્ષણોવાળો અમૃત વિતરણ કરી શકે છે.

જ્યાં એમ લાગે કે આ સુપાત્ર છે. ત્યાં ત્યાગ કરવામાં એક ક્ષણનો પણ વિલંબ ન કરવો તે પાત્ર ત્યાગી છે. અહીં સત્પુરુષની ત્યાગ ભાવના સામેની વ્યક્તિની પાત્રતા જોઈને પ્રગટે છે. જેમ સિંહણનું દૂધ માત્ર સોનાના પાત્રમાં જ ઝીલી શકાય તે રીતે કોઈપણ વ્યક્તિની પાત્રતા કંચનનાં કટોરા જેવી કીંમતી હોય ના સત્પુરુષ....

જો પાત્રતા ન હોય અને ત્યાગ કરે અથવા કુપાત્રને દાન કરે તે સત્પુરુષનું લક્ષણ નથી, એવી જ રીતે સામે પાત્રતા જોવા મળે છતાંય જેના હૃદયમાં ત્યાગ ન પ્રકટે તે પણ સત્પુરુષ નથી.

પિતાની સંપત્તિ અને પોતાની સંપત્તિને ભાઈઓમાં સરખા ભાગે વહેંચનાર માણસ સત્પુરુષ છે. રામ-રાજગાદી ભરતને સોંપીને વનવાસ માટે નીકળી પડે છે અને ભરત એ જ ગાદી રામને પરત આપવા કરગરે છે. જ્યાં ભાઈઓનાં ભાગની ચિંતા પોતાના ભાગ કરતાં વધુ થાય ત્યાં રામાયણ થાય અને ભાઈઓને સોયની અણી જેટલીય જમીન આપવાની તૈયારી ન હોય ત્યાં મહાભારત થાય.

SUN અને SIN વચ્ચે શું તફાવત છે ? SUN નો અર્થ સૂર્ય અથવા પ્રકાશ કહી શકાય જ્યારે SIN નો અર્થ પાપ અથવા અંધકાર કહી શકાય. આથી જ જેણે પોતાનાં જીવનમાં U નો એટલે કે તેનો વિચારમાત્ર કર્યો છે એનાં જીવનમાં સદૈવ અજવાળું જ થયું છે. જેણે પોતાના જીવનમાં I નો સ્વ નો જ વિચાર કર્યો છે તેના જીવનમાં અંધારું થયું છે. આથી જ પોતાની સમજણ શક્તિ અને સંપત્તિનો પોતાનાં હિતાર્થીઓના કલ્યાણ માટે સમ્‌ભાવથી સદુપયોગ કરે છે તે સત્પુરુષ છે.

સત્પુરુષ ક્યારેય નામર્દ ન હોય. જ્યારે યુધ્ધ કરવાનું આવે ત્યારે એક જવામર્દ યોધ્ધાની માફક વીરતાપૂર્વક લડી શકે તે જ સત્પુરુષનું લક્ષણ છે. સત્પુરુષ લડાઈ પણ કરે અને લડાઈમાં કોઈકને ઘાયલ કે વધ પણ કરે તો પણ તે સત્પુરુષ જ કહેવાય. કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુને માત્ર હત્યા કરી તેવું નથી પણ પોતાનાં પિતરાઈ અને સગાં વહાલાંઓની હત્યાઓ કરી હતી છતાંય અર્જુન સત્પુરુષ કહેવાયો. અર્જુન માટે યુધ્ધ અને હત્યા સત્યનાં માર્ગ હતા.

વિશ્વના પ્રત્યેક માનવીએ એક યુધ્ધ અવિરતપણે મૃત્યુ પર્યંત લડવું પડે છે અને તે છે સમય-સંજોગ સામેનું યુધ્ધ. આથી જ સમાજનાં પ્રતિકુળ સંજોગો અને ખરાબ સમયમાં હિંમત હારી જાય તે ખરો સત્પુરુષ નથી પણ એક કુશળ યોધ્ધાની માફક મુશ્કેલીઓને મારીને ભગાડે તે જ ખરેખર શૂરવીર રણયોધ્ધો છે. આ જ સત્પુરુષનું સાચું લક્ષણ છે.

સત્પુરુષ સાચાં લક્ષણો....... (૧) સિંહ જેવું કાળજુ (૨) સમડી જેવી ચપળ આંખો. (૩) સ્ત્રી જેવુ ઋજુકતા અને સિંહ જેવું હૃદય. સિંહ હંમેશા પોતાનું મારણ વહેંચીને ખાવામાં માને છે. માણસ નીડર હોય,

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યકત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક – એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

**સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.**

Since 1962

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

**શો-રૂમ : શોપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,**
**એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫**

બળવાન હોય પણ ઉદાર ન હોય તો એનાં હૃદયને સિંહનાં હૃદય સાથે ન સરખાવી શકાય પરંતુ જે પોતાની સાથે પોતાના પરિવારજનો તથા અન્યોનાં પોષણનીય ચિંતા રાખે છે તે જ સિંહ જેવા હૃદયનાં માણસ ગણાય છે.

ગરૂડ જેવી આંખો એટલે કે જેની દૃષ્ટિ આકાશ તરફ હોય અને ઉડાન ખૂબ ઊંચાઈ તરફ હોય. જે માણસની દૃષ્ટિ હંમેશા ઉચ્ચ કક્ષાની હોય, જે કાયમ ઉંચી નજર રાખે અને એવું કંઈ જ ન કરે જેનાથી એને નજર નીચી કરવી પડે તેને ગરૂડ નયન કહી શકાય. ગરૂડની ઉચ્ચ દૃષ્ટિ, સુક્ષ્મ દૃષ્ટિ છે અને વિશાળ દૃષ્ટિ પણ છે. આથી જ જેની આંખો ગરૂડ જેવી હોય તે સત્પુરુષ છે. તે ઘણું દૂરનું જોઈને આગામી ખતરાને પામી શકે છે. તેને જાણીને ક્યારે ક્યાં ધ્યાન રાખવું જોઈએ તે વિશે પણ આગોતરાં પગલાં ભરી શકે છે.

લેડિઝ ફિંગર એટલે જેની આંગળીઓ સ્ત્રી જેવી હોય અહીં સ્ત્રીની ઉપમા એટલે આપી છે કે કારણ કે પોતાનાં બાળકના પગમાં વાગેલો કાંટો માતા એવી સીફતથી કાઢે છે જેથી બાળકને લેશમાત્ર પીડા ન થાય અને કાંટો સહેલાઈથી નીકળી જાય કારણ કે માતા ખુદ કઠોર નથી પણ કોમળ છે. જે વ્યક્તિનો હાથ માતા જેવો કોમળ હશે તે તેમને ખબર પણ ના પડે એ રીતે સંકટને દૂર કરી શકશે.

અસ્તુ....

રાજકારણીઓ વધારે આધ્યાત્મિક અને સદાચારી બનવા જોઈએ. દરેક ધર્મોએ વધુ ઉદાર, વધુ આધ્યાત્મિક બનીને પૂજાવિધિની વધુ છૂટછાટ આપવી જોઈએ. તેમજ ધર્મને લગતા જગતભરનાં જ્ઞાનને આવરી લેવું અત્યંત આવશ્યક છે.

|| Jay Jay Shree Gokulesh ||

Atul Kadakia
98193 48001 / 70210 44631

Nihar Kadakia
98330 36101 / 83692 44852

FLAT 18% OFF

LYFE MEDICO
CHEMIST & DRUGGIST

REACH US FOR
BABY PRODUCTS, SURGICAL ITEMS, AYURVEDIC & GENERIC MEDICINES, NUTRITION SUPPLEMENTS, DIABETIC MONITORS, BP MONITORS ETC.

WE ACCEPT & PAYMENT THROUGH

G Pay paytm

FREE HOME DELIVERY

Address : 7, Narayan Wadi, 86-88 B, Khadilkar Road, Mumbai - 400 004 - Phone : 022 67470086
Email : lyfemedico@gmail.com

Selected Business Superbrand INDIA 2008 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS




● Electrical Wires – Housegard & Hotgard ● Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard ● Single & Multi Core Flexible Cables ● Single Core Flexible Cables for UPS Cabling ● PVC Winding Wires & 3-Core Flat Cables ● Trunk & Distribution CATV Cables ● Branch & Drop Co-axial Cables ● 105°C Temperature Resistant Auto Cables ● Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components ● Telephone & Switchboard Cables ● Power & Control Cables ● Jelly Filled Telephone Cables ● Optic Fibre Cables ● PVC Sheets ● Finoswitch Electrical Switches - Premium & Classic ● Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 ● 2208 7429 ● 2206 5726 ● 6637 7929**
**● E-mail : sales@pushtiindia.com ● Fax : 2206 7929**
**● Web.: www.pushtiindia.com**

# 'સ્વ'નો વર્ગ - 'સ્વર્ગ'

- ડૉ. કુમુદ પ્રમોદ ધારિયા (લાલખા)

સંસારમાં આવ્યા પછી કર્મ કર્યા વિના કોઈ જીવી શકે તેમ નથી તો પછી કર્મ કેવી રીતે કરવું, તે વાત જ મહત્વની બની રહે છે અને એ કેળવવા માટે : વાંચન-મંથનની આવશ્યકતા છે. 'સમાધાન' ની સમજણની વાત છે. મનુષ્યનો સૌથી મહત્વનો ગુણ છે 'સમાધાન'.

આગ્રહ નહીં, આવેશ નહીં, અધિરાઈ નહીં - તો જ સમાધાન થાય અને એ પ્રયત્નો સાધાનાથી થાય અને જીતી શકાય.

દા.ત. કોર્ટમાં કોઈ કેસ ચાલતો હોય ; ત્યારે ન્યાયમાં એક ઘરે અજવાળુ થાય છે તે બીજા ઘરે અંધારુ થાય છે. જ્યારે 'સમાધાન'માં તો બંન્ને ઘેર દિવડા પ્રગટે.

અર્થ એ છે કે -

'કર્મ સત્તા' ન્યાય કરે છે જ્યારે 'ધર્મ સત્તા' સમાધાન કરે છે. ન્યાયની પ્રક્રિયામાં જડતા હોય છે કારણ કે ન્યાયમાં -પ્રેમ, લાગણી, સંજોગોને મહત્વ અપાતું નથી અને આપવા જાય તો એ ન્યાય ન કહેવાય. તેથી કહી શકાય કે : જડતા ધર્મને સમજવા નથી દેતી અને વડતા કે વક્રતા ધર્મને સ્વીકારવા નથી દેતી. તેથી જ શાસ્ત્રો કહે છે; કાર્ય અને કર્તા એકરૂપ થાય ત્યારે જ કર્મયોગ સિદ્ધ થાય. સમતાભાવની સમજણ ખીલે.

પ્રેમ - લાગણીની એક વિશેષતા એ છે કે 'પ્રેમ' કોઈની પણ ભૂલનો ક્યારેય દસ્તાવેજ રાખતો નથી. જ્યારે 'ક્રોધ' ? ક્રોધ વેદના-વિલાપ-વેર જેવા ખતરનાક પરિબળોને જન્મ આપવાનું કામ કરે છે અને તેથી જ કદાચ 'સમાધિ' - 'સ્ટેટ ઓફ માઈન્ડ' ને સ્વર્ગ કહેવાતું હશે.

લખી શકાય કે - 'સ્વર્ગ' એટલે 'સ્વ' ના વર્ગમાં જવું તે. મનને કેળવવા સતત પરિશ્રમ ; વાણી, વર્તન, વિચારમાં સતત સતર્ક રહેવા માટેના પ્રયત્નો એટલે ; 'સ્વ'નો વર્ગ. મહત્વનું તો છે; વાણી અને મૌનની ગુંથણી માટેની આપણી આવડત અને આ આવડત કેળવવા માટે જલદીથી ધીરજના પાઠ ભણવા પડે કારણ કે આપણી આ આવડત પરથી જ આપણા વ્યક્તિત્વનું માપ નીકળતું હોય છે. પરિસ્થિતિને પૂર્ણ રીતે સમજીએ અને પૂર્ણ રીતે સ્વીકારીએ તો જ આપણું નિયંત્રણ આપણા હાથમાં રહે. સમાધાન સુખી થવા માટેની મનોવૃત્તિ છે. અતિમાં ક્યારેય ગતિ નથી. વ્યક્તિત્વ સર્જાય છે સત્વ અને તત્વના સારા સમન્વયથી. 'સત્ય' એટલે સદ્વિચાર અને 'તત્વ' એટલી સાત્વિક ખોરાક. 'સત્વ' અને 'તત્વ' ની શ્રેષ્ઠતા અને દૂર્દશા નો આધાર એને મળતા વિવિધરંગી અન્ન તેમજ સ્વસ્થ-મક્કમ મન-વિચાર પર અવલંબિત છે. પેટ બગડે તો દવાથી નિવેડો આવે, પણ વ્યક્તિત્વ નામનું પાત્ર બગડે તો દવા કામ નથી આવતી.

આ વિષયને સ્પર્શતું એક સુંદર લખાણ વાંચ્યું હતું : 'સુખનું વર્ણન કરવું મુશ્કેલ છે. એના પ્રમાણમાં દુઃખનું વર્ણન કરવું સહેલું છે.' સુખ ઈચ્છાની પરિપૂર્તિમાંથી જન્મ છે અને દુઃખ ઈચ્છાની નિષ્ફળતામાંથી જન્મે છે. સુખી થવું એક કળા છે. જેમ કોઈ પણ કળા સાધના માંગી લે છે તેમ આ કળા પણ સાધના માંગે છે અને એ પ્રાપ્ત થાય છે વિચારશીલ અને મંથન કરવા પ્રેરે એવા વાંચન થી !

મહત્વની વાત એ છે કે : 'મન જ્યારે જાણે ત્યારે એ 'જ્ઞાન' કહેવાય છે. હૃદય જાણે છે એને 'પ્રેમ' કહેવાય છે અને જ્યારે 'અસ્તિત્વ' જાણે છે એને 'ધ્યાન' કહેવાય છે. સાધના અને વિચારશીલ વાંચનના મંથનથી આપણને પ્રશ્ન થાય - હું કોણ છું ?

આપણે આપણા વિશે જાણવું હોય તો પહેલાં મનને શાંત કરવું જોઈએ. વિચારોથી ખાલીખમ કરી નાખવું જોઈએ. જો મન ખાલી હશે તો ભરાશે. શાંત મન


KIRLOSKAR GREEN
IMPALA
Sintex
penta
HONDA
Captain
ESPA
BOSCH
PREMIUM
HAVELLS
Rath Wolf
Falcon
Einhell
SHAKTI
C.R.I. PUMPS
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

જ જાગૃતિ પામે છે. આપણું સત્ય આપણી મેળે તલાશવાનું હોય છે. સૌંદર્યને સમજવાની કોશિષ કરવા કરતાં એને માણશું તો સમજાશે કે સૌંદર્ય ફક્ત બાહ્ય આવરણ જ નથી. સૂર્યોદય કે સૂર્યાસ્તને માણશું તો આંખનો ઉત્સવ બની જશે. આપણી જીંદગીને મન અને માન આપશું તો જીવનની સાથે સાથે સમજણની ઉન્નતિ થશે અને સમજણ વધતાં જીંદગી તરફની, જીવનમાં વણાયેલા સંબંધો તરફની સમજણ-દ્રષ્ટિકોણ બદલાશે. સાચો ધર્મ મનની દખલગીરીને બાજુ પર મુકી, વિવેક દ્રષ્ટિથી સંજોગોને અનુરૂપ વર્તન કરવામાં છે નહીં કે મનની બધી જ વાત માની વર્તવું જોઈએ કારણ કે મનને જંપ હોતો નથી. એ હંમેશા બેચેન હોય છે. જે પોતે બેચેન હોય એ આપણને કેવી રીતે ચેનમાં રહેવા દે ? મનને બાજુ પર મુકી દઈશું તો જીવનના માનસરોવરમાં કમળ ખિલશે અને પ્રભુ સાનિધ્યનો આનંદ મળશે.

હવે મનને બાજુ પર મુકવું એટલે શું ? કઈ રીતે ?

દા.ત. મને કોઈ વસ્તુ ખૂબ જ ગમે છે. કે કોઈ કાર્ય કરવાનું ખૂબ મન છે. ફિલ્મ જોવા જવું છે કે દાગીના ખરીદવા છે. તો મનની વાત માનતા પહેલા મારે : સમય, ધન, સંજોગની સગવડ સાચવીને કરવાનું હોય છે. આવે સમયે સમયાનુસાર વિવેકબુદ્ધિ વાપરી, બધું ધ્યાનમાં રાખી વર્તન હોવું જોઈએ. મન થયું કે કરવું જ એ તો જીદ કહેવાય અને આ જીદ તો સહજીવનમાં - ફક્ત પતિ - પત્ની વચ્ચે જ નહીં.... પરંતુ ઘરના પ્રત્યેક સભ્યો સાથે કલેશ જ ઉમેરશે ! સ્વસ્થતા અને સ્વાભાવિકતા સરળ જીંદગીના પાયાના મૂલ્યો છે. પ્રેમ સભર જીવનનાં પાયાના પગથીયા છે. 'પ્રેમ' એ જ તો પરમાત્મા છે. આ સ્વભાવ કેળવવા માટે .... 'યોગ શાસ્ત્ર' ને સમજવાનું આવશ્યક છે.

આપણે આજકાલ 'યોગ' કરીએ છીએ એટલે આપણે સ્વસ્થ છીએ એમ માનીને સંતોષ લઈએ છીએ. તો 'યોગ એટલે શું ?' એના અલગ અલગ પાસા કયા ? આ પાસા છે : 'યમ' - 'નિયમ' - 'આસન'. આ ત્રણ શરીર પ્રધાન કર્મ થયા. આની સમજણ એ કે 'યોગ' 'નિયમ' જાળવીને કરશું તો 'યમ' ને દૂર રાખી શકશું.

'પ્રાણાયમ', 'પ્રત્યાહાર' - આ છે મન પ્રધાન કર્મ જેની વાત આપણે કરી.

'ધારણા' - 'ધ્યાન' - 'સમાધિ' થયા આત્મ પ્રધાન કર્મો.

આત્મ પ્રધાન કર્મોની બારિકી 'આધિ' - 'વ્યાધિ' - 'ઉપાધિ' ને આવરી લે છે કારણ કે આ પરિસ્થિતિઓ માણસના મનને સ્વસ્થ-અસ્વસ્થ રાખવામાં મહત્વો ભાગ ભજવે છે. સંસ્કૃતમાં 'આધિ' એટલે 'મન' ; જેનું નિયંત્રણ આપણા હાથમાં હોય. 'વ્યાધિ એટલે 'પૂર્વાકૃત કર્મો'. આપણે નસીબ થી જ એ કષ્ટ લઈને આવ્યા હોઈએ છીએ. 'ઉપાધી' એટલે જાતે જ ઉભી કરેલી વિડંબણા; જેનું નિયંત્રણ પણ આપણા હાથમાં હોય છે. એ નિયંત્રણ એટલે 'સમાધી.'

'સમાધિ' એટલે 'સમતા'. 'સમાધિ' એટલે 'સ્ટેટ ઓફ માઈન્ડ' - જેનું નિયંત્રણ આપણાં હાથમાં છે. પ્રેમભાવ, વેદના, વિલાપ અને વેર; માનવ સ્વભાવનાના આ ગુણ-અવગુણનું સંચાલન ચોક્કસ જ આપણા હાથમાં છે. સંત વાણી છે, આત્માને સતત સ્મૃતિમાં રાખીએ. જે દિવસે આપણે આત્મ-કેન્દ્રી થઈ જશું એ સમયથી આપણો સંપૂર્ણ વહેવાર બદલાઈ જશે કારણ કે મુશ્કેલીના સમયને જીતવાનો ઉપાય મનને શાંત રાખવાનો છે; અને મનને કેળવવાનું રોજીંદી જીંદગીમાં અતિ આવશ્યક છે. મન જ તો છે જે ભાવનાશીલ છે. ઊર્મિશીલ છે. સુખ-દુઃખ, શોક-આનંદ, પ્રેમ-લાગણી વ્યક્ત કરે છે. માણસને જીવાડે છે.

તો લખી શકાય કે : 'મન' ની અને 'મન' શબ્દની મહત્ત્વતા ને વંદન કરવા 'મન' શબ્દની આગળ 'અ' જોડીએ તો 'અમન અને 'ન 'જોડીએ તો 'નમન.'

G-G-G


entice
englaze
ORIS
enGem
Tripper™
ELCG + MCB Combination
MCB's & DB's
KEW
LS IS
Authorised Distributors :
L&T SWITCHGEAR
SAFE & SURE
Shivam Kadakia
Mob.: 79774 73064 • 99301 25548
Nilesh Kadakia
Mob.: 98192 17375
V.B.R. ELEC. & ENGG. CO.
27/33, Pathak Wadi, Ismail Bldg., Lohar Chawl, Mumbai-400002.
Tel.: 2208 7739 | 2206 2026 • Talk Free : *7724 • Email : v.b.r@mtnl.net.in • shivamkadakia71@gmail.com

# ક્રિપ્ટોકરન્સી

- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

ક્રિપ્ટોકરન્સીને લઈને મોદી સરકાર તૈયાર, આ વર્ષના યુનિયન બજેટમાં ભારત સરકારે ક્રિપ્ટોકરન્સી ભારતમાં રજૂ કરવાનું નક્કી કર્યું. તો આવો આપણે તેના વિશે સમજીએ કે ક્રિપ્ટોકરન્સી છે શું ? તે કેવી રીતે કામ કરે છે ?

વિશ્વના ઘણા દેશોમાં ક્રિપ્ટોકરન્સીના કાયદેસરકરણ વિશે ઘણી ચર્ચા છે. મધ્ય અમેરિકામાં સૌથી નાનો પરંતુ ગીચ વસ્તી ધરાવતો દેશ અલ સાલ્વાડોરે બિટકોઈનને કાનૂની ટેન્ડર તરીકે જાહેર કર્યું છે.



આગળ જણાવ્યા પ્રમાણે ભારત સરકારે ૨૦૨૨-૨૩ ફાઈનાન્સિયલ વર્ષમાં સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDCs) લોન્ચ કરી શકવાની શક્યતા જણાવી છે. તે ડિજિટલ અથવા વર્ચ્યુઅલ ચલણ હશે. જો કે ભારતના મૂળ ચલણનું ડિજિટલ સ્વરૂપ હશે, એટલે કે તે ડિજિટલ રૂપિયો હશે.

છેલ્લા કેટલાક વર્ષોમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રિપ્ટોકરન્સીનો વ્યાપ વધ્યો છે. માર્કેટમાં બિટકોઈન, ઈથેરિયમ, બાઈનન્સ કોઈન, કાર્ડાનો સહિત અનેક પ્રકારની ક્રિપ્ટોકરન્સી છે, જેના પર લાંબા ગાળાનું રોકાણ કરવામાં આવે છે. હવે રોકાણકારોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ભારતમાં પણ ક્રિપ્ટોકરન્સીને માન્યતા આપવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે.

**ક્રિપ્ટોકરન્સી એટલે શું ?**

હાલના સમયમાં ટેકનોલોજીએ લોકોની વાતચીત કરવાની, કામ કરવાની, ખરીદી (શોપિંગ) કરવાની અને માલ સામાન માટે ચૂકવણી કરવાની રીતો બદલી નાખી છે. કંપનીઓ, વેપારીઓ અને કસ્ટમર હવે પહેલાની જેમ રોકડ રકમને મહત્વ આપતા નથી અને પેમેન્ટ માટે ડિજિટલ એટલે કે કોન્ટેકસલેસ ચૂકવણીનો માર્ગ અપનાવી રહ્યા છે. સ્માર્ટફોનની ઝડપી લોકપ્રિયતા સાથે, ગ્રાહકો ડિજિટલ પ્લેટફોર્મ પર વસ્તુઓ માટે ચૂકવણી કરતા થયા છે. ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, મોબાઈલ વોલેટ, નેટબેન્કિંગ જેની સર્વિસનો ઉપયોગ કરીને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ચુકવણી કરી રહ્યા છે. એમાં હવે એક નવી ચુકવણી સિસ્ટમ ઉભરી રહી છે જે ‘ ક્રિપ્ટોકરન્સી’ ના નામે ઓળખાય છે.

અત્યાર સુધીમાં દરેકે બિટકોઈન વિશે સાંભળ્યું જ હશે. બિટકોઈન સૌથી લોકપ્રિય ક્રિપ્ટોકરન્સી છે. પરંતુ અન્ય ક્રિપ્ટોકરન્સીની લોકપ્રિયતા વધી રહી છે. હાલમાં ૨૦૦૦ થી પણ વધુ વિવિધ પ્રકારની ક્રિપ્ટોકરન્સી છે અને દરરોજ વિકસિત થઈ રહી છે.

વિશ્વના ઘણા દેશોની સાથે ભારતમાં ક્રિપ્ટોકરન્સી ને લઈને ઘણો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તેનું એક કારણ એ કે ક્રિપ્ટોકરન્સીમાં રીસ્ક હોવા છતાં રોકાણ દ્વારા ઝડપથી નફો અને રીટર્ન સારુ મળે છે.

ક્રિપ્ટોકરન્સીની એ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ છે, તે વ્યવહારો માટે બેંકો પર આધાર રાખતી નથી. તેના માટે કોઈ બેન્ક, એટીએમ નથી તે એક એવી સિસ્ટમ છે જે કોઈપણ વ્યક્તિને ગમે ત્યાં ચૂકવણી મોકલવા અને પ્રાપ્ત કરવા માટે સક્ષમ છે. વિશ્વમાં અનેક દેશોમાં ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ ઓનલાઈન ખરીદી અને વેચાણમાં થઈ રહ્યો છે. સરળ ભાષામાં સમજીએ તો

I.S.W.P.
BHS
ISWP

Mr. BHARAT K. DOSHI
98210 27136

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

"Leads you to The Quality Era"

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore Chennai Gurgaon Hyderabad Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

વિશ્વમાં દરેક દેશો પાસે પોત પોતાની કરન્સી હોય છે જેમ કે ભારત પાસે રૂપિયો, અમેરિકા પાસે ડોલર, સાઉદી અરબ પાસે રિયાલ છે. આવી જ રીતે બધા દેશો પાસે પોતાનું ચલણ હોય છે.

ક્રિપ્ટોકરન્સીને ચેક, નોટ કે સિક્કાની જેમ પ્રિન્ટ કરી શકાતી નથી, તો પણ તેની વેલ્યુ છે. ક્રિપ્ટોકરન્સી ભૌતિક નાણાંને બદલે ચોક્કસ વ્યવહારોનું વર્ણન કરતા ઓનલાઈન ડેટાબેઝમાં ડિજિટલ એન્ટ્રી તરીકે અસ્તિત્વ ધરાવે છે. જ્યારે તમે ક્રિપ્ટોકરન્સી ફંડ ટ્રાન્સફર કરો છો ત્યારે આ વ્યવહારો સાર્વજનિક ખાતાવહીમાં રેકોર્ડ કરવામાં આવે છે. ક્રિપ્ટોકરન્સી ડિજિટલ વૉલેટમાં સ્ટોર થાય છે.

ક્રિપ્ટોકરન્સી વ્યવહારોને ચકાસવા માટે એન્ક્રિપ્શનનો ઉપયોગ કરે છે. આનો અર્થ એ છે કે અદ્યતન કોડિંગ ક્રિપ્ટોકરન્સી ડેટાને વૉલેટ અને સાર્વજનિક ખાતાવહી વચ્ચે સ્ટોર કરવા અને ટ્રાન્સમિટ કરવામાં સામેલ છે. એન્ક્રિપ્શનનો ઉદ્દેશ્ય સુરક્ષા અને સલામતી પ્રદાન કરવાનો છે.

**ક્રિપ્ટોકરન્સીનો ઈતિહાસ અને શરૂઆત ક્યારે થઈ ?**

Cryptocurrency ની શરૂઆત ૨૦૦૯માં થઈ હતી. દુનિયાની સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી બીટકોઈન છે અને તેની સાથે જ ક્રિપ્ટોકરન્સી નામ દુનિયાની સામે આવ્યું હતું. બીટકોઈનને જાપાનના સાતોશી નાકામોટો એ બનાવી હતી. બીટકોઈન SHA-256 એન્ક્રિપ્શન ટેક્નિકનો ઉપયોગ કરે છે. જે હેક કરવી ખૂબ જ મુશ્કેલ છે.

બિટકોઈન છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં કોઈ પણ દ્વારા કરેલ શ્રેષ્ઠ રોકાણ પૈકીનું રોકાણ રહ્યું છે. જો તમે વર્ષ ૨૦૧૦માં રૂપિયા ૧૦૦૦.૦૦ ની કિંમતના બિટકોઈન ખરીદ્યા હોત, તો ફક્ત ૧૧ વર્ષ પછી ૨૦૨૧, ડિસેમ્બરમાં તેની કિંમત ૧૦ કરોડ રૂપિયા થઈ ગયા હોત. (હા ખરેખર દસ કરોડ જ લખ્યું છે.)

**ક્રિપ્ટોકરન્સી સુરક્ષિત છે ?**

ક્રિપ્ટોકરન્સી સામાન્ય રીતે બ્લોકચેન ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. બ્લોકચેન વ્યવહારોને 'બ્લોક' અને સમય સ્ટેમ્પમાં કેવી રીતે રેકોર્ડ કરવામાં આવે છે તેનું વર્ણન કરે છે. તે એકદમ જટિલ, ટેકનિકલ પ્રક્રિયા છે જેની સાથે ચેડાં કરવા હેકર્સમાટે મુશ્કેલ છે.


**ક્રિપ્ટો એક્સચેન્જ કેવી રીતે કામ કરે છે ?**

ક્રિપ્ટોકરન્સી બ્લોકચેન ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. દરેક ટ્રાન્ઝેકશનનો રેકોર્ડ તેમાં રાખવામાં આવે છે. ખુબ જ પાવરફુલ કમ્પ્યુટર્સ તેનું ધ્યાન રાખે છે જેને ક્રિપ્ટોકરન્સી માઈનિંગ કહેવામાં આવે છે. તેથી તેને હેક કરવું ખૂબ મુશ્કેલ છે. બ્લોકચેન ટેકનોલોજીને કારણે ક્રિપ્ટોકરન્સી વ્યવહાર ખૂબ જ વિશ્વસનીય છે અને તેને બેંક જેવી થર્ડ પાર્ટીની જરૂર પડતી નથી. શેર માર્કેટની જેમ ક્રિપ્ટોકરન્સીનું ટ્રેડિંગ ક્રિપ્ટો એક્સચેંજ પર થાય છે. હાલમાં નીચે જણાવેલ મુખ્ય એક્સચેન્જ ભારતમાં કાર્યરત છે.

(1) **CoinDCX**
(2) **WazirX**
(3) **Unocoin**
(4) **Coin Switch Kuber**
(5) **Zebpay**
(6) **Bitbns**

લગભગ તમામ એક્સચેન્જો સમાન મૂળભૂત લેઆઉટને અનુસરે છે. ક્રિપ્ટો એક્સચેન્જ પ્લોટફોર્મ વેપાર કરવા ઈચ્છુક ખરીદારો અને વેચારણકર્તાઓને જોડે છે.

ક્રિપ્ટો ખરીદવા માટે તમારે જે કિંમતે તમે ખરીદવા માંગો છો તેના પર તમારે ઓર્ડર આપવાનો


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
Concealed Metal Boxes
For
Modular Series
CONCEALED METAL BOX
CLETA
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
ESTD : 1958
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

હોય છે. ક્રિપ્ટો વેચવા માટે વિક્રેતાએ તેના કોઈન વેચવા માટે ઓર્ડર આપવાનો હોય છે. જો તમારી અને વિક્રેતાની કિંમત ઓફરિંગ બંને સમાન હોય, તો એક્સચેન્જ તમને વેચનાર સાથે જોડે છે અને વેપાર વ્યવહાર સફળ થાય છે.

હાલમાં ૨૦૦૦ થી વધુ વિવિધ પ્રકારની ક્રિપ્ટોકરન્સી છે અને દરરોજ વધુ વિકસિત થઈ રહી છે. મુખ્ય ક્રિપ્ટોકરન્સી નામ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧) **બિટકોઈન (બીટીસ)** | **Bitcoin (BTC)** |
| ૨) **ઈથેરિયમ (ઈટીએચ)** | **Ethereum (ETH)** |
| ૩) **રિપલ (એક્સ આરપી)** | **Ripple Labs (XRP)** |
| ૪) **મોનીરો (એક્સ. એમ.આર.)** | **Monero (XMR)** |
| ૫) **કોસ્મોસ (એટીઓએમ)** | **Cosmos (ATOM)** |
| ૬) **બીનન્સ કોઈન (બીએનબી)** | **Binance Coin (BNB)** |
| ૭) **પોલકડોટ (ડીઓટી)** | **Polkadot (DOT)** |
| ૮) **અનઈસ્વેપ (યુ.એન.આઈ.)** | **Uniswap (UNI)** |
| ૯) **કાર્ડાનો (એડીએ)** | **Cardano (ADA)** |
| ૧૦) **ટીથર (યુએસડીટી)** | **Tether (USDT)** |
| ૧૧) **લિટેકોઈન (એલટીસી)** | **Litecoin (LTC)** |
| ૧૨) **ડોજેકોઈન** | **Dogecoin (DOGE)** |

**ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરતા પહેલાં તેની સંપૂર્ણ તપાસ કરવી જોઈએ.**

૧) ક્રિપ્ટો એક્ચચેંજનું રજીસ્ટર્ડ સરનામું ક્યાં છે ?

૨) ક્રિપ્ટો એક્સચેંજ ભારતીય કાયદા હેઠળ આવે છે કે નહીં ?

૩) ક્રિપ્ટોકરન્સી કંપનીના માલિકી કોણ ધરાવે છે ? (ઓળખી શકાય તેવા અને જાણીતા માલિક એ સકારાત્મક સંકેત છે.)

૪) તેમજ કયા કયા રોકારણકારોએ તેમના નાણાં ક્રિપ્ટો એક્સચેંજમાં રોક્યા છે તેની પણ તપાસ કરવી જોઈએ.

૫) તમે જે ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરવા માંગી રહ્યા છો તે કયા હેતુ માટે બનાવવામાં આવી છે તે પણ ખૂબ જ જરૂરી છે. શું તમે કંપનીમાં હિસ્સો ધરાવો છો કે માત્ર ચલણ કે ટોકન્સ ? આ તફાવત મહત્વપૂર્ણ છે. હિસ્સાની માલિકીનો અર્થ એ છે કે તમે તેની કમાણી (તમે માલિક છો) માં ભાગ લેશો, જ્યારે ટોકન્સ ખરીદવાનો સીધો અર્થ છે કે તમે કેસિનોમાં ચિપ્સની જેમ તેનો ઉપયોગ કરવા માટે હકદાર છો.

૬) શું ચલણ પહેલેથી જ વિકસિત છે અથવા કંપની તેને વિકસાવવા માટે નાણાં એકત્ર કરવા માંગે છે ? જે ઓછું જોખમી હોય તેની પસંદગી કરવી જોઈએ. ખાસ જણાવવાનું કે ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરવાથી મળેલી આવક કરપાત્ર છે.

G-G-G



# અશ્વની ઉત્પતીની રોચક કથા

- તંત્રી મંડળ તરફથી

પુરાણ કથા અનુસાર જ્યારે સમુદ્ર મંથન થયું તેમાંથ 'ઉચ્ચૈસૈસર્વસ' નામનો પહેલો અશ્વ તેમાંથી નિકળેલ હતો. આ અશ્વમાંથી બીજા અશ્વોની ઉત્પતિ થયેલી. આ અશ્વો ત્યારે પાંખવાળા હતાં અને ઉડી શકતા, પ્રાચીન કાળમાં આ અશ્વો ચારે દિશામાં પરીભ્રમ કરતાં, આ બળ સંપન્ન અને પાણીયારા અશ્વોને જોઈ ઈન્દ્રદેવ નજીકમાં જ નિવાસ કરતાં શાલીહોત્ર મૂની પાસે જાય છે અને નિવેદન કરે છે કે,'હે ભગવાન' દ્વિજ શ્રેષ્ઠ તમારા માટે આ ત્રીભોવનમાં કાંઈ અપ્રાપ્ત નથી તમે આ અશ્વોની પાંખો કાપી નાખો કારણ કે આ અશ્વો કાયમ યુધ્ધ કાળ વખતે દાનવોના રથને ખેંચે છે, જે સારા હાથી માટે પણ અશક્ય છે.



શાલીહોત્ર મૂનીએ ઈન્દ્રદેવની વાત માનીને 'ઈષાકાસ્ત્ર' થી બધા અશ્વોની પાંખો કાપી નાંખે છે. કપાય ગયેલ પાંખોવાળા અશ્વો લોહીથી પલળેલાં અને દુઃખી થઈને શાલીહોત્ર મૂનીના શરણમાં આવે છે, અને કહે છે કે,'ભગવાન' તમે અમારી આવી દશા કેમ કરી ? અને મૂનિને પૂછે છે કે સજ્જન વ્યક્તિ નિદોર્ષ સાથે આવો વ્યવહાર નથી કરતાં 'હે મૂની શ્રેષ્ઠ' તમે અમને ગતી આપો અમને સુખી કરો એવી અમારી પ્રાર્થના છે. શાલીહોત્ર મૂની કરૂણાંથી દ્રવિત થઈને દુઃખી અશ્વોને કહે છે કે ઈન્દ્રદેવના કહેવાથી મેં આ પીડાદાયક કર્મ કર્યું છે, હવે હું એવું કાર્ય કરીશ જેનાથી આપ સુખી, દેહમાં પુષ્ટિ અને ત્રિલોકમાં ગૌરવ મળશે. તમે સૂર્ય, ઈન્દ્ર ઈત્યાદિ દેવતા અને રાજાના વાહન કરીકે સુશોભિત થશો, જે રાજા તમને ઘાસ, પાણી અને બીજી સુવિધાથી પુષ્ટ રાખશે તે રાજા અજય રહેશે, કમલનેત્ર વાળી ભૂલક્ષ્મી તેનો ક્યારેય ત્યાગ નહીં કરે પછી ભલે ને તે શત્રુઓથી ઘેરાયેલો હોય. મારો આદેશ છે કે તમે બધા અશ્વો પોતાની રૂચી પ્રમાણે સ્વર્ગલોક, ભૂલોક અને પાતાળલોક તરફ પ્રસ્થાન કરો, જેનાથી તમને પરમ શાંતિ થશે તે સમયથી આ ભૂલોક પર અશ્વો ફરે છે.

ઘોડાને ગ્રીક ભાષામાં 'ઈક્વિસ' કહેવાય છે, તેનો અર્થ થાય છે 'ઝડપી'.

માણસ પ્રાચીન કાળથી ઘોડાની સવારી કરવા માટે ઉપયોગ કરતો આવ્યો છે. વાહનો નહોતો ત્યારે ઘોડા ખૂબ જ ઉપયોગી થતાં. ઘોડાની ઉંચાઈનું માપ હાથમાં મપાય છે. એક હાથ એટલે ચાર ઈંચ એમ કહેવાય છે. માટે જ ઘોડો કેટલા હાથ ઉંચો છે તેમ બોલાય છે.

ઘોડા પાંચ વર્ષનો થાય ત્યારે બધા જ દાંત ઊગે છે અને ઉંમર વધવાની સાથે દાંતની લંબાઈ વધે છે. જાણકાર લોકો ઘોડાના દાંતની લંબાઈ જોઈને તેની ઉંમર જાણી શકે છે. ઘોડો કાન, નસકોરાં અને આંખો વડે ગુસ્સો કે ખુશી વ્યક્ત કરી શકે છે. ઘોડાના પગની ખરી આપણા નખની જેમ વધ્યા કરે છે.

ઘોડાના બચ્ચાં મોટેભાગે રાત્રે જ જન્મે છે. ઘોડાના બચ્ચાને વછેરૂં કહે છે. જે જન્મયા પછી એકાદ કલાકમાં ઉભું થઈ શકે છે. ઘોડા પોતાના માલિકના મૂડ ઓળખે છે. માલિક નિરાશ હોય તો તે પણ નિરાશ થઈ જાય છે.

ઘોડાને લાંબા પગ, મોટા ફેફસાં અને મોટું હૃદય હોવાથી તે ઝડપથી દોડી શકે છે. વધુ વજન ખેંચી શકે છે અને લાંબી છલાંગ મારી શકે છે. ઘોડા મોં દ્વારા શ્વાસ લઈ શકતાં નથી એટલે કદી હાંફતાં નથી.

'ચાલ સે તાલ' આ સૂત્ર ઘોડેસવારને અક્ષરસઃ લાગુ પડે છે,'ચાલ મિલાવો' ચાલ છુટની નહી ચાહીએ, ઘોડા અંદર રાખો, ઘોડા વચ્ચે અંતરે રાખો' ગુજરાતી

અને હિંદી મિશ્રિત આ શબ્દો આજકાલ ઘોડા કેમ્પમાં ઉછળી રહ્યા છે. આ શબ્દો ઘોડેસવારી શીખવાડનાર કોચ તાલીમાંર્થીઓને કહી રહ્યા હોય છે.

ઘોડો આ શબ્દ સાંભળતા જ મનમાં 'સવારી' શબ્દ સવાર થઈ જાય છે. નહિ વાગોળનારાં પશુમાંનું સવારી માટેનું એક સુંદર ચોપગું પશુ એટલે ઘોડો. તેને બીજા અનેક તુરગ, હય, અશ્વ, તોખાર, વાજી, વીતિ, અર્વા વગેરે જેવા નામોથી પણ ઓળખવામાં આવે છે. ઘોડાને પગે ફાટ નથી હોતી. કદાચ આપણા લોકજીવનમાં તેજીલો તોખાર, અશ્વાર જેવા શબ્દો કદાચ ઉભરી આવ્યા હશે. તેને ખરી નહિ પણ ડાબલા જેવો આખો નખ હોય છે. સિંહની માફક એની ગરદન ઉપર વાળ હોય છે, જેને કેશવાળી કહેવાય છે. સરેરાશ ૨૫ થી ૩૦ વર્ષનું આયુષ્ય ધરાવતા ઘોડાની મહત્તમ વેગીલી દોડ અંદાડે ૮૮ કિ.મિ. પ્રતિ કલાકની હોય છે. પુખ્ય વયનો ઘોડો ૩૮૦ કિલો થી ૧,૦૦૦ હજાર કિલોનું વજન ધરાવતા હોય છે. જ્યારે ૧.૪ મીટર થી ૧.૮ મીટરની સરેરાશ ઉંચાઈ ધરાવતા ઘોડા એક સમયે રાજાશાહીનું પ્રતિક ગણાતો હતો, એ શાન કદાચ ધીમે ધીમે ઓઝલ થઈ હશે, પરંતુ આજે ફરી યુવાનોમાં ઘોડેસવારી પ્રત્યે અચાનક લગાવ વધ્યો છે, અને આ લગાવને લીધે ઘણાં રાજ્યના ગૃહ વિભાગે ઘોડાકેમ્પમાં 'હોર્સ રાઈડીંગ કલબ' ફરીથી કાર્યન્વિત કરી છે.

અમદાવાદની વાત કરીએ તો ઘોડા કેમ્પ ખાતે પોલીસ અશ્વતાલીમ શાળા-પોલીસ હોર્સ રાઈડિંગ ક્લબમાં ઘણા સમયથી અશ્વતાલીમ શાળા ફરી શરૂ કરવા લોકોની માંગ હતી. ત્યારે અમદાવાદ સહિત ૧૩ જિલ્લાઓમાં પોલીસ અશ્વતાલીમ શાળા શરૂ કરાઈ છે. જેમાં ત્રણ મહિનાનો બેઝીક કોર્સ અને ત્યારબાદ ત્રણ મહિનાના એડવાન્સ કોર્સ થકી તાલીમ આપવામાં આવે છે.

સોશિયલ મીડિયાનાં જમાનામાં મેદાન પરની પ્રવૃત્તિઓ, રમત-ગમત ઓછી થતી જાય છે તેવા સમયે અશ્વરોહણની તાલીમ યુવાનો-વિદ્યાર્થીઓના ઘડતર માટે ઉપયોગી નીવડશે. અશ્વ તાલીમ શાળા પોલીસ અને પ્રજા વચ્ચે સેતુરૂપ સાબિત થશે.

અને છેલ્લા લગ્ન-પ્રસંગે જાતવાન ઘોડાને ભલી ભાતે અને રૂડી રીતે શણગારવામાં આવે છે.

ઘોડાના શણગારના સરંજામમાં મોઢા પર ભરેલો ફુમતાંવાળો મોરડો ને લગામ, ડોકે રંગબેરંગી પારાનું અથવા સુતરની દોરીનું પીપરગાંઠ પાડેલું અને ચાંદીની ડોડીઓથી મઢેલું ડોકિયું, ડોકની કેશવાળીને છેડે જોરબંધ, આગમદોરો, પગે લંઘર, પીઠ ઉપર થડો, દળી, ખોગીર, અડદિયા દળી તેના ઉપર કાઠો કે જીન અને ગાલ્લીને બાંધવાની રેશમી ફૂમતાંવાળી દોરી અને ડોક તથા પીઠ ઉપર ખાપું ભરતની કે મોતી પરોવણાની મનોહર જુલ, કોડીયું, કલગી, મોડ, મોરો, માળા અને ઘુઘી નાખી શણગારવામાં આવે છે. વરઘોડા વખતે શણગારેલી ઘોડીને પગે ચાંદીની ઘુઘરિયોવાળા ઝાંઝર બાંધીએને નચાવવામાં આવે છે. GGG


Rakesh Dharia - 9819685882

- Civil
- Carpenter
- Painting
- Aluminium
- P.O.P.Work
- Electric
- Fabricators

Krish INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068

# શ્રી વિશ્વકર્મા

- પ્રશાંત સુરેશચંદ્ર (લક્ષ્ઠાપારેખ)

મહા માસ સુદ તેરસ એટલે શ્રી વિશ્વકર્મા જયંતી. જ્યારે આપણે વિશ્વકર્મા શબ્દને અલગ કરીએ તો વિશ્વ એટલે જગત ને કર્મા એટલે જગતના (સૃષ્ટિ) કર્તા. વિશ્વકર્તા શ્રી વિશ્વકર્મા. શ્રી વિશ્વકર્મા પ્રભુનું સ્વરૂપ આ પ્રમાણે છે :

શ્રી વિશ્વકર્મા પ્રભુને ચાર હાથ ને ત્રણ નેત્ર છે. તેઓ હંસ ઉપર બેઠા છે, ને તેઓ વૃદ્ધ છે. શ્રી વિશ્વકર્માપુરાણ પ્રમાણે તેમની જયંતીની વાત આ પ્રમાણે છે. ‘આ સૃષ્ટિ ઉપર જ્યારે કોઈપણ દેવ, પુરુષ ને પ્રાણીમાત્ર જીવ ન હતો તેમજ ચંદ્ર, સૂર્ય કે તારા ન હતા ત્યારે આ પૃથ્વી પાતાળમાં હતી ને પૃથ્વી ઉપર ચારે તરફ પાણી હતું. ત્યારે આદિ નારાયણ એવા વિરાટ - પુરુષ શ્રી વિશ્વકર્મા પોતે બ્રહ્મ સ્વરૂપ પ્રગટ થયા હતા ને શેષનાગ રૂપે થઈ આ પૃથ્વીને બહાર લાવીને પોતાના મસ્તક ઉપર સમગ્ર પૃથ્વીને રાખી સ્થિર કરી હતી. બીજું કાચબારૂપ ધારણ કર્યું. વિરાટ સ્વરૂપ ધરી પૃથ્વીની મધ્યમાં શેષનાગ ઉપર બીજમંત્રની શક્તિથી બીજવડ વૃક્ષના મધ્યભાગમાં આસન વાળીને જગન્નિયંતાએ પૃથ્વી સ્થિર કરી વિશ્વની રચના કરી. આ સમગ્ર જગત શ્રી વિશ્વકર્મા પ્રભુએ જ નિર્માણ કર્યું છે.



શ્રી બાલા હનુમાનજીની જગ્યા, કુવાડવાના મહંતશ્રી રામાયણી હરિદાસજી મહારાજે પોતાની પુસ્તિકા ‘શ્રી વિશ્વકર્મા પૂજનકથા’ માં શ્રી વિશ્વકર્મા પ્રભુ વિશે આ પ્રમાણેની માહિતી વિસ્તૃતથી લખી છે, જેનું સંકલન અહીં રજૂ કર્યું છે. ‘શ્રી વિશ્વકર્મા વૃદ્ધ છે, તેમનાં હાથમા ગજ છે. ગજથી આ જગતનું માપ થાય છે. જ્યારે આ દુનિયા માપથી બહાર જાય છે ત્યારે તેનો શ્રી વિશ્વકર્મા પ્રભુ નાશ કરે છે. ગજના ચોવીસ ઈંચ છે. જે ચોવીસ અવતાર છે. ગજના એક થી છ ઈંચ એટલે સતયુગ, એટલે જપ. સતયુગમાં ઋગ્વેદ મહાન હતો. છ થી સોળ ઈંચ એટલે દ્વાપરયુગ. દ્વાપરયુગમાં તપ શ્રેષ્ઠ હતું. તેમાં યજુર્વેદ મહાન હતો. બારથી અઢાર ઈંચ એટલે ત્રેતાયુગ. ત્રેતાયુગ એટલે યજ્ઞ. આ યુગમાં યજ્ઞ શ્રેષ્ઠ હતો. તેમાં સામવેદ મહાન હતો. અઢારથી ચોવીસ ઈંચ એટલે કળિયુગ. એટલે સ્મરણ. કલિયગુમાં નામસ્મરણ શ્રેષ્ઠ છે. કલિયગુમાં અર્થવવેદ મહાન છે.

શ્રી વિશ્વકર્મા પ્રભુના બીજા હાથમાં સૂત્ર. સૂત્ર એટલે ‘ઓળંભો’ જીવાદોરી છે ને જીવાદોરી એટલે આયુષ્ય, જીવન સીધો ચાલે છે ત્યાં સુધી આ જગતમાં રહે છે. ત્રાંસો થાય એટલે અભિમાનથી જ આપમેળે નાશ પામે છે. શ્રી વિશ્વકર્મા પ્રભુના ત્રીજા હાથમાં કમંડળ છે. કમંડળ એટલે વિશ્વથી ભરેલો કુંભ, જલપાત્ર એટલે કમંડળ જળથી આ જગતની ઉત્પત્તિ થાય છે, કમંડળ એટલે સત્ય સ્વરૂપ એવા બ્રહ્મજ્ઞાનથી ભરેલ પાત્ર.

શ્રી વિશ્વકર્મા પ્રભુના ચોથા હાથમાં પુસ્તક છે. આ પુસ્તકમાં ઉત્પતિ, સ્થિતિ, લય-પ્રલય ને મહાપ્રલયનું સંપૂર્ણ વર્ણન કરવામાં આવે છે. આ પાંચમો વેદ સૂક્ષ્મદેવ છે. ચાર વેદ બ્રહ્માએ રચ્યા છે. પાંચમો વેદ શ્રી વિશ્વકર્મા પ્રભુએ પોતાની પાસે રાખ્યો છે. આ

પુસ્તકવેદમાં શ્રી વિશ્વકર્મા પ્રભુએ બ્રહ્મસ્વરૂપ બીજમંત્રનું વર્ણન કરેલ છે. તેમાં ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણો તેમજ ચોવીસ અવતાર. આ મળી બાવન થાય પણ બાવનથી પર એવા બ્રહ્મસ્વરૂપ બીજમંત્રનું તેમાં વર્ણન કરવામાં આવેલ છે.

આ વિશ્વકર્મા પ્રભુ હંસ પર બેઠા છે. હંસ હંમેશા દૂધને જ ગ્રહણ કરે છે. હંસ હંમેશા સાચા મોતી જ ચણે છે. વિશ્વકર્મા પ્રભુ બ્રહ્મ છે. આ જીવ હંસ છે. હંસ ઉપર બ્રહ્મ છે. આત્મા એ જ બ્રહ્મ છે. શ્રી વિશ્વકર્મા પવિત્ર આત્માના હૃદયમાં વાસ કરે છે. શ્રી વિશ્વકર્મા પ્રભુને ત્રણ નેત્ર છે. એક નેત્રમાં જગત સમાયેલું છે. બીજા નેત્રમાં માયા સમાયેલી છે અને ત્રીજા નેત્રમાં બ્રહ્મતેજ જ્ઞાન સમાયેલ છે. પહેલું નેત્ર સત્વગુણથી ભરેલું છે, માટે જગતની ઉત્પત્તિ થાય છે. બીજું નેત્ર રજોગુણથી ભરેલું છે, માટે જગતની રચના થાય છે. ત્રીજું નેત્ર તમોગુણથી ભરેલું છે, માટે જગતનો નાશ થાય છે. પ્રભુને શિરે સુંદર મુકુટ છે. મુકુટ એટલે મસ્તકનો તાજ. તાજ એટલે દશમું દ્વાર, મુકુટ રત્નમણિ છે. મણિ પ્રકાશમાન છે. આ દરેકનું મસ્તક રત્ન છે. પ્રભુનું શરીર વૃદ્ધ છે, વળી મોટી દાઢી ને મૂંછો છે એટલે વૃદ્ધ શરીરધારી (દાદા) પિતામહ છે, એટલે જગતપિતા પરબ્રહ્મ પરમાત્મા છે. સ્વયં બ્રહ્મ બાળસ્વરૂપ ધારણ કરે છે. પૂર્ણ બ્રહ્મ અજન્મા, અવિનાશી બ્રહ્મ છે. માટે દાદાનું શરીર વૃદ્ધ છે.

શ્રી વિશ્વકર્મા જ આ સૃષ્ટિના કર્તાહર્તા છે. બીજા કોઈ દેવ પાસે જગત રચવાના હથિયાર નથી. આ સૃષ્ટિનું સર્જન કરવાના સર્વ હથિયાર શ્રી વિશ્વકર્મા પ્રભુ પાસે જ છે. આ વિશ્વના ઘડવૈયા જ બ્રહ્મ પોતે જ છે.

શ્રી વિશ્વકર્મા પ્રભુએ બીજમંત્રની શક્તિથી પાચં પુત્રો ઉત્પન્ન કર્યાં. કાંબી કહેતા ગજ થાય. આકૃતિ પ્રકૃતિ નામની શક્તિને શ્રી વિશ્વકર્મા પ્રભુએ શ્રાપ આપી કાષ્ટની કાંબી-ગજ બનાવી હાથમાં ગ્રહણ કરેલ છે. તેમણે ગજના ચાર ભાગ કરી બીજમંત્ર ભણી પાણીની અંજલિ છાંટી ચાર પુત્રો ઉત્પન્ન કર્યા. પહેલા ભાગમાંથી ‘વિશ્વ દેવા’ નામના પુત્રને ઉત્પન્ન કર્યો જે વંશ સુથાર કહેવાયા. બીજા ભાગમાંથી ‘પિશપિધાક્ષ’ નામના પુત્રને ઉત્પન્ન કર્યો જે પાંચાળ સુથાર કહેવાયા. ત્રીજા ભાગમાંથી ‘ગારુધ્ય’ નામના પુત્રને ઉત્પન્ન કર્યો જે ગુર્જર સુથાર કહેવાયા. ચોથા ભાગમાંથી ‘દ્વિજ દેવા’ નામના પુત્રને ઉત્પન્ન કર્યો જે મેવાડા સુથાર કહેવાયા. પાંચમો પુત્ર શ્રી વિશ્વકર્મા પ્રભુએ પોતાની નાભિમાંથી ઉત્પન્ન કર્યો તે ‘શિલ્પી’ કહેવાયા. જેને પ્રભુએ પંક્તિ બહાર મૂક્યો હતો. ત્યારબાદ શ્રી વિશ્વકર્મા પ્રભુએ પાંચ પુત્રોને યજ્ઞોપવિત સંસ્કાર કરાવ્યા ને વેદશાસ્ત્રોના અભ્યાસ માટે ઋષિઓના આશ્રમે મોકલ્યા. વેદશાસ્ત્રનો અભ્યાસ કરી પુત્રો ઋષિઓની મનસ્વી કન્યાઓ સાથે શ્રી વિશ્વકર્મા પ્રભુના નિવાસસ્થાન ઈલોરગઢ પર આવ્યા. તેમણે પુત્રોને આલોચ નામની સંકલ્પ વિદ્યા આપી આશીર્વાદ આપ્યા.

આમ મહા સુદ તેરસના દિવસે ચારે પુત્રોએ પરબ્રહ્મસ્વરૂપ શ્રી વિશ્વકર્માનું ધ્યાન ધર્યું ને પૂજા કરી, તો પ્રભુ પ્રગટ થયા ને પુત્રોને દર્શન દીધાં ને સૃષ્ટિ રચવા માટે આશીર્વાદ આપ્યા.

**શ્રી વિશ્વકર્મા પ્રભુની વાણી :** ‘આ જગતના જીવ માત્ર માટે કાષ્ટ કામ કરી તમારો વંશ વધારી જગતનું કલ્યાણ કરો. હે પુત્રો ! તમે મારા પાંચ ‘અણોના’ (રજા) પાળશો તો તમે સર્વ પ્રકારે સુખી થાશો.’

મહા સુદ તેરસના દિવસે શ્રી વિશ્વકર્માના મંદિરમાં આ જગતના સુથારો શ્રી વિશ્વકર્મા પુરાણ વાંચે છે. તેમની વિશિષ્ટ પૂજા તથા આરતી તેમજ મહાપ્રસાદ ધરવામાં આવેલ છે. **(સંલકન)**

# શ્રી રામકૃષ્ણ પરમહંસ

(ઈ.સ. ૧૮૩૬-૧૮૮૬)

**- તંત્રી મંડળ તરફથી**

કલકત્તાની પાસે ગંગાકાંઠે દક્ષિણેશ્વર નામે જગા છે. ત્યાં કાલીમાતાનું મંદિર છે. એ મંદિરના પૂજારી બ્રાહ્મણને બધા પાગલ સમજતા. નહિ એનાં કપડાંનું ઠેકાણું, નહિ ખાવાપીવાનું ઠેકાણું ! એક દિવસ એના હાથમાં એક સોનામહોર આવી. એક હાથમાં સોનામહોર અને બીજા હાથમાં માટીનું ઢેફું લઈ એ બોલવા લાગ્યો : 'આ સોનું છે, આ માટી છે ! આ માટી છે, આ સોનું છે! બેય નકામાં !' આમ કહી એણે એ બેય વસ્તુઓ નદીમાં નાખી દીધી.



સોનું અને માટીને સરખાં ગણનાર એ પાગલ પૂજારીનું નામ ગદાધર ચટ્ટોપાધ્યાય. જગત એમને ઠાકુર રામકૃષ્ણ પરમહંસ નામે ઓળખે છે.

રામકૃષ્ણનો જન્મ તા. ૧૮-૨-૧૮૩૬ ના રોજ કામારપુકુર નામે એક ગામડામાં થયો હતો. એમના પિતા ખુદીરામ પ્રામાણિક અને સાચાબોલા હતા. પહેલાં તેઓ બીજા ગામમાં રહેતા હતા, પણ એકવાર ત્યાંના જમીનદારે એમને જૂઠી સાહેદી પૂરવા કહ્યું, ત્યારે તેમણે તેનો ઈન્કાર કરી ગામ છોડી દીધું હતું ને કામારપુકુર આવી વસ્યા હતા. ગદાધરનાં માતા ચંદ્રમણિ દેવી એવાં ભગવદ્ભક્ત હતાં કે પોતે ભૂખ્યાં રહીને પણ સાધુ-સંતોને જમાડતાં.

પાંચ વર્ષની ઉંમરે રામકૃષ્ણને ભણવા મૂક્યા, પણ ભણવામાં એમનું ચિત્ત નહોતું. જ્યાં કથાકીર્તન થતાં હોય ત્યાં એ પહોંચી જતા ને એકચિત્તે બધું સાંભળતા. આવી રીતે સાંભળી સાંભળીને રામાયણ, મહાભારત, ભાગવત વગેરે પુરાણોની કથાઓ અને અસંખ્ય ગીતો ભજનો એમને મોઢે થઈ ગયાં હતાં.

રામકૃષ્ણ સાત વર્ષના હતા, તેવામાં એમના પિતાનું અવસાન થયું. એમના મોટા ભાઈ રામકુમાર દક્ષિણેશ્વરના કાલી-મંદિરમાં પૂજારી તરીકે રહ્યાં ને રામકૃષ્ણ એમની મદદમાં રહ્યા. પણ રામકુમાર લાંબુ જીવ્યા નહિ અને કાલી-માતાની પૂજાનો ભાર રામકૃષ્ણને શિર આવ્યો.

રામકૃષ્ણને મન કાલી માતાની મૂર્તિ એ પથ્થરની પ્રતિમા નહોતી, પણ હાજરાહજૂર કાલી માતા હતી. એ પૂજા કરવા બેસતા ત્યારે એકદમ બહારની દુનિયાનું ભાન ભૂલી જતા, કેટલીક વાર તો કલાકો સુધી એ જડવત્ બેસી જ રહેતા અને કોઈ બોલાવે તોયે બોલાત નહિ. પછી તો માતાનાં દર્શનની એમને એવી તાલાવેલી લાગી કે રાત દિવસ પાગલની પેઠે મા! મા! કરી તેઓ રડયા કરે. વિરહની આ વેદના એવી વધી ગઈ કે એક દિવસ એમને થયું : 'જીવીને હવે શું કામ છે?' અચાનક એમની નજર મંદિરમાં એક તલવાર હતી તેના પર પડી. તેમણે દોડીને તલવાર હાથમાં લીધી, પણ પોતાનો શિરચ્છેદ કરવા માટે જ્યાં તલવાર મ્યાનમાંથી કાઢવા જાય છે ત્યાં એમની સામે માતાજી પ્રત્યક્ષ થયાં અને એ બેભાન થઈ નીચે પડી ગયા. બે દિવસે એ ભાનમાં આવ્યાં. ત્યારે તેમના અંતરમાં આનંદ આનંદ છવાઈ ગયો હતો !

એ દિવસથી તેમને મંદિરમાં મૂર્તિ નહિ, પણ સ્વયં માતાજીનાં જ દર્શન થવા લાગ્યાં. તેઓ પોતે કહે છે : 'હું માતાજીના નાક સામે હથેળી ધરતો ને માતાજીના શ્વાસોશ્વાસનો અનુભવ કરતો ! રાત્રે માતાજીની સામે દીવો ધરી એમનો પડછાયો જોવા હું ખૂબ મથ્યો છું, પણ

મને એમનો પડછાયો કદી દેખાયો નથી. હું મારા ઓરડામાંથી બાલિકા-સ્વરૂપ માતાજીને મેડી પર જતાં જોતો અને એમનાં ઝાંઝરનો અવાજ સાંભળતો. હું એમને ઘણીવાર મંદિરના મેડાના ઝરૂખામાં ઊભાં રહી ઘડીમાં શહેર ભણી તો ઘડીમાં ગંગાજી ભણી નિહાળતાં જોતો !'

ઘરનાંને થયું કે છોકરો ગાંડો થઈ ગયો છે; એને પરણાવી દઈએ તો ડાહ્યો થઈ જશે. નવાઈની વાત એ કે રામકૃષ્ણે પરણવાની વાત મંજૂર કરી, એટલું જ નહિ, એણે સામેથી કન્યાનાં નામઠામ આપ્યાં. એ કન્યાની સાથે રામકૃષ્ણનાં લગ્ન થઈ ગયાં સને ૧૯૫૯. રામકૃષ્ણની ઉંમર તે વખતે તેવીસ વર્ષની હતી અને કન્યાની છ. કન્યાનું નામ શારદામણિ દેવી.

પણ લગ્ન પછી ય રામકૃષ્ણનું ગાંડપણ તો વધતું જ ગયું. તેઓ પોતે કહે છેઃ જનોઈ ઊડી જાય, ધોતલીનું યે મને ભાન ન રહે, નાતજાતનો મને કંઈ ખ્યાલ નહોતો. કોઈવાર તો કૂતરાં ભેગો ખાતો. માથા પર જટિયાં થઈ ગયાં હતાં. અને પૂજા કરતી વખતે ચોખાના દાણા એમાં ભરાઈ જતા તે ચકલાં માથા પર બેસી વીણી ખાતાં. સાપ મારા શરીર પર થઈને ચાલી જતો. મને શરીરનું કે સમયનું કંઈ ભાન નહોતું !'

એક દિવસ રામકૃષ્ણ બાગમાં ફૂલ વીણતા હતા, ત્યાં એમણે એક બાઈને હોડીમાંથી ઘાટ પર ઊતરતી જોઈ. એ માતાજીની ભૈરવી હતી અને તાંત્રિક સાધનામાં પારંગત હતી. રામકૃષ્ણને જોતાં એ સમજી ગઈ કે ભગવાન શ્રી ચૈતન્ય જેવી એમની હાલત છે. એણે એમને તાંત્રિક સાધના શીખવી. જે શીખતાં બીજાને વર્ષો લાગે તે રામકૃષ્ણ ત્રણ દિવસમાં શીખી ગયા. એમને અનેક દેવદેવીઓનાં દર્શન થયાં, તેમાં ત્રિપુરાની રાજરાજેશ્વરીનું દર્શન અતિ ભવ્ય હતું.

રામકૃષ્ણ ઈશ્વરને માતા રૂપે જોતા હતા. કૌશલ્યા બની એમણે રામલાલાને રમાડયા. પછી હનુમાનજી બની એ રામના સેવક થયા. 'જય રઘુવીર ! જય રઘુવીર !' કરતા એ ઝાડ પર ચડીને બેઠા. હનુમાનજીના જેવા જ તેઓ રામભક્ત બની ગયા ને રામની ભક્તિમાં લીન થઈ ગયા.

પછી ગોપીની જેમ કૃષ્ણની પાછળ પાગલ થયાં. 'હે કૃષ્ણ, તું ક્યાં છે ? તું ક્યાં છુપાઈ ગયો ? મને દર્શન દે !' એમ વારંવાર બોલવા લાગ્યા. એમ કરતાં એમને કૃષ્ણનાં દર્શન થયાં. તેમને ખાતરી થઈ કે કૃષ્ણની ભક્તિ પણ બરાબર છે.

એવામાં તોતાપુરી નામે એક સંન્યાસી આવ્યા અને ઝાડ નીચે મુકામ નાખી પડયા. એમણે રામકૃષ્ણને યોગવિદ્યાનું શિક્ષણ આપી નિર્વિકલ્પ સમાધિનો અનુભવ કરાવ્યો. જે શીખતાં તોતાપુરીની આખી જિંદગી ગઈ તે રામ કૃષ્ણે માત્ર અગિયાર મહિનામાં સિદ્ધ કર્યું. રામકૃષ્ણ નામ-રૂપના દ્વૈતની પેલી પાર પહોંચી ગયા. ત્રણ દિવસે તેઓ ભાનમાં આવ્યાં - તેય તોતાપુરીએ કેટલીવાર મોટીથી હરિ ૐ મંત્રોચ્ચાર કર્યો ત્યારે !

અદ્વૈતના સાક્ષાત્કારે એમને બતાવ્યું કે જુદા જુદા ધર્મો એ એક જ લક્ષ્યને પહોંચવાના જુદા જુદા માર્ગો છે. એમને માટે આ માન્યતાનું મૂળ સ્વાનુભવ છે.

તેઓ પોતે કહે છે : 'મેં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી બધા ધર્મો પાળી જોયા છે. હિંદુ ધર્મના જુદા જુદા સંપ્રદાયોનો પણ મેં અનુભવ લીધો છે. બધા જ માર્ગ ઈશ્વર તરફ લઈ જાય છે એની મને ખાતરી થઈ છે. આજે હિંદુઓ ને મુસલમાનો, બ્રાહ્મણો, વૈષ્ણવો ને બીજાઓ ધર્મના નામે લડે છે, પણ તેઓ વિચાર નથી કરતા કે જે કૃષ્ણ કહેવાય છે તે શિવ પણ કહેવાય છે. ઈસુ અને અલ્લા પણ તે જ છે - એક જ રામનાં હજાર નામ છે. સરોવરને અનેક ઘાટ છે. એક ઘાટ પર હિંદુ ઘડો ભરે છે ને જળ કહેવાય છે; બીજા ઘાટ પર મુસલમાન મશક ભરે છે ને પાની કહે છે, ત્રીજા ઘાટ પર ખ્રિસ્તી 'વૉટર' કહે છે. હવે પાણી એ જળ નથી, પણ માત્ર વૉટર છે એમ કહેવું અથવા તો એ વૉટર નથી પણ જળ છે એમ કહેવું એ કેટલું હાસ્યસ્પદ છે !'

ગોવિંદરાય નામના એક સૂફી સંતે રામકૃષ્ણને સૂફી માર્ગની સાધના શિખવાડી હતી. રામકૃષ્ણ કહે છે :

'હું મુસલમાન ફકીરના જેવો વેશ પહેરતો, વખતસર નમાજ પઢતો અને આખો વખત અલ્લા ! અલ્લા ! કરતો. મારા મનમાંથી હિંદુ વિચારો સાવ ભુલાઈ ગયા હતા.'

એકવાર એક ભક્તને ઘેર બાળક ઈસુને ખોળામાં લઈ રમાડતી કુમારી મરિયમના ચિત્ર પર રામકૃષ્ણની નજર પડી. તે જ ઘડીએ એ ચિત્રમાંથી પ્રકાશનો ધોધ છૂટયો અને રામકૃષ્ણના હૃદયમાં પ્રવેશ્યો. રામકૃષ્ણ ઈસુમય બની ગયા ને ત્રણ દિવસે એ હાલતમાં રહ્યા. ચોથે દિવસે એમને એક દિવ્ય આકૃતિ એમની સામે આવતી દેખાઈ. એમની અંદરથી અવાજ આવ્યો : 'આ મહાયોગી ઈસુ છે.' ઈસુ એમને આલિંગન આપી અદૃશ્ય થઈ ગયા. બુદ્ધ, મહાવીર અને ગુરુ નાનકનો પણ રામકૃષ્ણને આવો જ અનુભવ થયો હતો. બધા જ અવતારી પુરુષો હતા.

રામકૃષ્ણદેવનો કંઠસ્વર ખૂબ મધુર હતો. ઘણી વખત ભજન ગાતાં ગાતાં તેઓ દેહભાન ભૂલી જતા ને સમાધિવશ થઈ જતા. એકવાર તેઓ 'ચૈતન્યલીલા' નાટક જોવા ગયા હતા. નાટક જોતાં જોતાં તેઓ સમાધિસ્થ બની ગયા હતા અને એવી જ સ્થિતિમાં તેમને ઘેર લઈ જવા પડયા હતા.

રાત ને દિવસ દક્ષિણેશ્વરમાં ભક્તોની ભીડ લાગેલી હતી. રામકૃષ્ણ ખૂબ સરળ ભાષામાં દ્રષ્ટાંતો દ્વારા ઉપદેશ આપતા. મંદિરનો એક અભણ પૂજારી ઊંડા જ્ઞાનની આવી વાતો કેવી રીતે કરી શકતો હશે તેની સૌને નવાઈ લાગતી.

પાછલી વયે, રામકૃષ્ણ પરમહંસ દેવે કંઠમાળનું ભયાનક દર્દ થયું હતું. એમનાથી બોલી પણ શકાતું નહિ. કોઈપણ દવાની એમને પર અસર થતી નહોતી. પણ તેઓ એવા મસ્ત મહાયોગી હતા કે શરીરના દુઃખની એમને પડી નહોતી. કોઈ કોઈવાર તો તેઓ આઠ આઠ કલાક સુધી બોલતા. તેઓ કહેતા : 'એક માણસને હું મદદરૂપ થઈ શકતો હોઉં તો એના પર વીસ હજાર જન્મ ઓવારી જવા તૈયાર છું. એક માણસને પણ ઉપયોગી થવું એ જેવી તેવી વાત નથી.'

એવામાં એક દિવસ તેઓ આંખ મીંચી ધ્યાનમાં બેઠા; ત્રણવાર કાલી ! કાલી ! કાલી ! એવો ઉચ્ચાર કરી તરતે એમણે પ્રાણ તજી દીધા. તા. ૧૫-૮-૧૮૮૬.

**પરમહંસની કવિત્વ ભરી જાદુઈ વાણી**

૧. કોરી માટીથી કોઈ કુંભાર ઘડો નહિ બનાવી શકે, એને પાણી જોઈશે. તેવી રીતે એકલા શિવ સૃષ્ટિ નહિ સરજી શકે, સાથે શક્તિ જોઈશે.
૨. જેમ જળ અને બુંદબુંદ એક છે, તેમ જીવાત્મા અને પરમાત્મા તત્ત્વે કરીને એક જ છે.
૩. ઈશ્વરને શોધવા નીકળેલો માણસ, દરિયાનું ઊંડાણ માપવા ગયેલી મીઠાની પુતળી જેવો છે.
૪. દોરડું બળે તોય વળ ન છોડે, પણ એ બાંધવામાં કામ લાગે નહિ, તેમ પરમ જ્ઞાનના અગ્નિથી બળી ગયેલો અહંકાર છે, છે ને નથી.
૫. ચારણી જેમ ઝીણા લોટને ચાળી નાખે છે અને જાડા લોટને રાખે છે તેમ દુષ્ટ માણસ સારું જવા દે છે ને ખરાબને સંઘરે છે.
૬. દુષ્ટ માણસનું હૃદય વાંકડિયા વાળ જેવું છે. બે છેડા પકડીને ખેંચો તો સીધું રહે, પણ ફરી પાછું અસલ રૂપમાં આવી જાય.
૭. ઈશ્વર પ્રાણીમાત્રમાં છે, પણ તમારે સારા માણસોનો જ સંગ કરવો, દુષ્ટથી દૂર રહેવું. ઈશ્વર વાઘમાં પણ છે, પણ એથી કરીને તમે વાઘને નહિ ભેટો !
૮. ચાર આંધળાઓએ હાથીની પરીક્ષા કરી. ચારે આંશિક રીતે સાચા હતા, પણ આંશિક સત્ય એ સંપૂર્ણ સત્ય નથી.
૯. બકરા ભેગા ઉછરેલા વાઘના બચ્ચાને વાઘે પાણીમાં એનું પ્રતિબિંબ દેખાડી ભાન કરાવ્યું કે તું બકરું નથી, વાઘ છે. તેમ ગુરુ ચેલાને દેખાડે છે કે તું ને હું અમૃતનાં સંતાન છીએ.
૧૦. એક માણસને પણ ઉપયોગી થવું એ જેવી તેવી વાત નથી.

**(સંલકન)** G

# શું છોડવું યોગ્ય છે ?

- **કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)**

કુતૂહલવૃત્તિ મનુષ્યને સંસાર તરફ લઈ જાય છે. ત્યારે જિજ્ઞાસાવૃત્તિ મનુષ્યને આત્મા તરફ લઈ જનાર છે. ઉતાવળિયા સ્વભાવને ધીરજનું સ્થાન નથી હોતું. કુતૂહલવૃત્તિ, ધીરજ અને વિવેક નષ્ટ કરે અને અશાંતિ ઉપજાવનારી છે. ધ્યાન અને સમાધી મનની ચંચળતાને ઘટાડે છે, અને કુતૂહલવૃત્તિ પણ શાંત થશે. જિજ્ઞાસાવૃત્તિ આત્મા તરફ જવાથી વિનય અને વિવેક જાળવે અને કુતૂહલતાનો ત્યાગ કરી જીવનમાં શાંતિ પ્રાપ્ત કરે છે.

ચાલો, પ્રયાસ કરીએ કે જીવનમાં શું 'છોડી દેવું'

(૧) કોઈકને એકાદ બે વાર સમજાવવું, છતાં પણ ન સમજે તો ફરી ફરીને સમજાવવાનું છોડી દેવું.

(૨) છોકરાઓ મોટા થઈ પોતાના નિર્ણય લેતા થાય, તો તેમની પાછળ પડવાનું છોડી દેવું.

(૩) થોડા જ લોકો સાથે ઋણાનું બંધન હોય છે. એકાદ માણસ સાથે ના જામે તો છોડી દેવું.

(૪) આપણા હાથમાં કાંઈ નથી એ અનુભવે સમજાય છે. ભાવિની ચિંતા કરવાનું છોડી દેવું.

(૫) ઈચ્છાઓ અને ક્ષમતા વચ્ચે વધુ અંતર થવા લાગે, તો અપેક્ષાઓનો બોજો લઈ ફરવાનું છોડી દેવું.

(૬) પ્રત્યેકના જીવનમાં જીવનનું ચરિત્ર, ક્ષમતા, સંવેદના બધુ જ અલગ હોય છે, તેની તુલના કરવાનું છોડી દેવું.

(૭) જીવન આખુ અનુભવોનો ખજાનો છે. જીંદગી નાહકનો બોજો લેવાનું છોડી દેવું.

(૮) જ્યારે પાસે પુરતું હોય અને વધુ ને વધુ મેળવવાના ખોટા ફાફા ચારેકોર મારવાનું છોડી દેવું.

(૯) સમજાય તો ઠીક છે બાકી નકામી વાતો વિશે ઝાઝું વિચારવાનું છોડી દેવું.

(૧૦) જાતે સુધરવાનું શરૂ કરવું. બીજા સુધરી જશે એવી અપેક્ષા રાખવાનું છોડી દેવું.

(૧૧) હું જ સર્વસ્વ છું અને હું જ બધુ કરું છું અને મારા વિના થાય તેમ નથી, એ ભ્રમને છોડી દેવો.

(૧૨) ગધેડાને પણ બાપ કહેવો પડે છે. માટે કોઈની જરૂર નથી એવા ગુમાનમાં રહેવાનું છોડી દેવું.

(૧૩) આજે તમારો દિવસ છે, કાલે ન પણ હોય માટે વાતે વાતે અપમાન કરવાનું છોડી દેવું.

શું આ પ્રયાસોમાં ખોટો ટાઈમ વેડફવો યોગ્ય છે ?

આપણે દુન્યવી ચીજો એકઠી કરવામાં એટલા મશગૂલ અને રચ્યાપચ્યા રહીએ કે જન્મજાન સંવેદનશીલ સ્વભાવ ખોઈ બેઠા છીએ અને આપણું શ્રેષ્ઠતમ 'તિજોરી' ને વધુ પડતું મહત્વતા આપીએ છીએ અને ઉત્તમ ટાઈમને વેડફીએ છીએ ?

પ્રકૃતિની વિરૂધ્ધ, મરજી મુજબ જીવી તો શકીશું પણ આત્માની વિરૂધ્ધ જીવન, પોતાના માટે જ જીવન જીવવાનું છે તે પામી નહી શકીએ ?

શ્રી કૃષ્ણ ભગવાને જનહિતાર્થે ગીતામાં જે સૌને ઉપદેશ આપ્યો છે, તેમાંથી માર્ગદર્શન મેળવી, પોતાનું જીવન કેમ વધુ અને વધુ ઉન્નત બને અને તેની પ્રેરણાથી બધા જ જીવન જીવવાનાં મેનેજમેન્ટ જે મળી રહે છે જેવા કે ટાઈમ, મની, રિલેશનશિપ, હેલ્થ, સ્ટ્રેસ, એંગર, ડાઅેટ, ધીરજ, શાંતિ તેમજ દરેક વાતનું નિરાકરણ. જીવનમાં તે રીતે અપનાવીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષએ ચારો અપનાવીને પુરૂષાર્થી અને સિધ્ધિ મેળવવા પામી શકીએ ? સાર્થક જીવન - જીવન જીવવા, શું યોગ્ય નથી ?

# QUIZ!

**Subject - Earth**

## Match the following Question to Answer

| | Question | | Answer |
|---|---|---|---|
| 1. | Which country has longest coast-lines? | A) | Amazon |
| 2. | Which is the deepest ocean on the Earth? | B) | Superior |
| 3. | Which is the hardest Substance in the Earth? | C) | Tsunami |
| 4. | Which is the largest desert on the earth? | D) | Canada |
| 5. | Which is the greatest river on the Earth? | E) | Sahara |
| 6. | The name of the waves after Earthquake volcano? | F) | Nile |
| 7. | Which is the highest mountain peak on the Earth? | G) | Diamond |
| 8. | Which is the hottest place on the Earth? | H) | Vostok |
| 9. | Which is the longest river on the Earth? | I) | Pacific |
| 10. | Which is the largest lake on the Earth? | J) | Djibouti |
| 11. | Which is the coldest place on the Earth planet? | K) | Everest |

Ans : 1-D, 2-I, 3-G, 4-E, 5-A, 6-C, 7-K, 8-J, 9-F, 10-B, 11-H

|| Jay Jay Shree Gokulesh ||

**Kinjal Parikh**
8104682589
9820815584

**Chintak Parikh**
9324310473
9819286125



**ESTATE AGENT**

*Flat/Shop/Office/Gala/Shed*

**BUY - SELL - RENT**

**Other Services**

- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

YOUR DREAM'S OUR GOAL

**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**


**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**
**(મૂડેતી - અમદાવાદ)**

જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
Email : bhattgopal59@gmail.com

**નરસૈંયાનો પ્રભુ પ્રેમ**

## અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ

**(રાગ : આસા માંડ - ઝપતાલ)**



અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે અખિલ......
પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા ! વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ ચાખવા, શિવ થકી જીવ થયો એ જ આશે અખિલ......
વેદ તો એમ વદે, શ્રુતિસ્મૃતિ શાખ દે, કનક-કુંડળ વિષે ભેદ ન હોયે;
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે અખિલ......
ગ્રંથ ગરબડ કરી, વાન ન ખરી કહી, જેહને જે ગમે તેને પૂજે
મન-વચન-કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે અખિલ......
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસૈંયો એ મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રકટ થાશે. અખિલ......



## જાગીને જોઉં તો જગત દિસે નહિ

**(રાગ : આસા માંડ - ઝપતાલ)**

જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘ મહીં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે જાગી.....
પંચ મહાભૂત પરિબ્રહ્મ વિષે ઊપજ્યાં, અણુ અણુમાંહી રહ્યાં રે વળગી;
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં, થડ થકી ડાળ તે નહિ રે અળગી. જાગી.....
વેદતો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ સાખ દે, કનક કુંડળ વિષે ભેદ ન હોયે;
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે. જાગી.....
જીવ ને શિવ તો, આપ ઈચ્છાએ થયા, રચી પરપંચ ચૌદ લોક કીધા,
ભણે નરસૈંયો એ 'તે જ તું તે જ તું', એને સમર્યાથી કંઈક સંત સીધ્યા.જાગી.....

## નારાયણનું નામ જ લેતાં

**(રાગ : ખમાજ તાલ - ધુમાળી)**

નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે,
મનસા - વાચા કર્મણા કરીને લક્ષ્મીવરને ભજીએ રે... નારાયણ...
કુળને તજીએ કુટુંબનેતજીએ તજીએ મા ને બાપ રે,
ભગિની-સુત-દારાને તજીએ જેમ તજે કંચુકી સાપ રે...નારાયણ..
પ્રથમ પિતા પ્રહલાદે તજિયા નવ તજિયું હરિ નામ રે,
ભરત-શત્રુઘ્ને તજી જનેતા નવ તજિયા શ્રીરામ રે... નારાયણ...
ઋષિપત્નીએ હરિને કાજે તજિયા નિજ ભરથાર રે,
તેમાં તેનું કાંઈ એ ન ગયું પામી પદારથ ચાર રે... નારાયણ...
વ્રજવનિતા વિઠ્ઠલને કાજે સર્વ તજી વન ચાલી રે,
ભણે નરસૈંયો વૃંદાવનમાં મોહન સાથે મા'લી રે ... નારાયણ...

## ઊંચી મેડી તે મારા સંતની

ઊંચી મેડી તે મારા સંતની રે, મેં તો માણી ન જાણી રામ
હો રામ, હો રામ..... ઊંચી મેડી તે મારા સંતની રે
અમને તે તેડાં શીદ મોકલ્યાં, હે મારે પિંડ છે કાચો રામ,
મોંઘા તે મૂલની મારી ચૂંદડી, મેં તો માણી ન જાણી રામ
અડધાં પહેર્યા, અડધાં પાથર્યા, અડધાં ઉપર ઓઢાડ્યાં રામ,
ચારે છેડે તે ચારે જણા, દોરી ડગમગ જાયે રામ
નથી તરાપો, નથી તૂંબડાં, હે નથી ઊતર્યાનો આરો રામ,
નરસિંહ મહેતાની સ્વામી શામળા, પ્રભુ ! પાર ઉતારો નાવ.

# બાલાસિનોર વિદ્યા મંડળ પ્રશંસનિય દાન

આપણી સંસ્થાને માતબર દાન નિચે જણાવેલ દરિયાદિલ દાતા તરફથી મળ્યું છે.

રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) નું માતબર દાન શ્રીમતી સુશીલાબેન તથા શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ પરિવાર તરફથી ગરીબ વિદ્યાર્થી ફી રાહત યોજના માટે મળ્યું છે.

## સરકારી યોજના

સરકારશ્રીના આદેશ મુજબ આપણી કોલેજના બંને બિલ્ડીંગમાં ફાયર સેફટી સીસ્ટમ કાર્યરત થઈ છે, અને તેના માટે રૂા. ૧૦,૦૦,૦૦૦/- (અંકે દસ લાખ પુરા) નો ખર્ચ મંડળના ભંડોળમાંથી કર્યા છે.


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**


## શ્રધ્ધાંજલિ

આ કોરોના મહામારીના છેલ્લા બે વર્ષમાં આપણે સૌએ મિત્રો, સ્વજનો, શુભેચ્છકો, કુટુંબીજનો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, અધ્યાપકો તથા મંડળને સીધી/આડકતરી, પરોક્ષ/અપરોક્ષ તેમજ સંયોજીત/અસંયોજીત રહીને યોગદાન કરનારાના ઘણા સ્નેહીજનો ગુમાવ્યા છે. બાલાસિનોર વિદ્યામંડળ પરમ કૃપાળુ પરમાત્માને આ સૌ પરોપકારી જીવોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે તથા ભૂતલ પરના સમસ્થ જીવોના સુખ, સમૃદ્ધિ તથા તંદુરસ્તી માટે પ્રભુને યાચના કરે છે.

## સંગીતા કિરણ દોશી વ્યાખ્યાન માળા

કોરોના મહામારીના કારણે બાલાસિનોર વિદ્યા મંડળ સંચાલિત સંગીતા કિરણ દોશી આયોજિત વ્યાખ્યાનમાળા મણકો ૪૩ નો સમારંભ મુલત્વી રાખવામાં આવ્યો છે. જેની સર્વે શ્રોતાગણોએ નોંધ લેવા વિનંતી.

## કોલેજની સિધ્ધિઓ

૧) આપણી કોલોજના આચાર્ય શ્રી ડૉ. ડી.પી.માછી સાહેબની શ્રી ગોવિંદ ગુરુ યુનિ. માં આર્ટ્સ ફેકલ્ટીમાં ડીન તરીકેની નિમણુંક કરવામાં આવી છે.

૨) આપણી કોલેજમાં ૩ વિદ્યાર્થીઓએ શ્રી ગોવિંદ ગુરુ યુનિ. માંથી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા છે.

- બી.એ. અંગ્રેજી વિષમયાં — દિવ્યા એસ. પટેલ
- એમ.એ. અંગ્રેજી વિષયમાં — દિવ્યા એસ. પટેલ
- એમ.એ. સંસ્કૃત વિષયમાં — નયના બી. ચમાર
- એમ.એ. ગુજરાતી વિષયમાં — નીલમ જે. પટેલ

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપૂંજના માધ્યમ દ્વારા દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાંની લાગણી અનુભવે છે અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી.**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ

# અનુકરણીય દાન

### સખાવતિ દાતાશ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

| ક્ર. નામ | સંખ્યા |
|---|---|
| ૧. સંગીતા તથા મયુર નવનિતલાલ ગાંધી (મેનપુરાવાલા) હાલ કેનેડા સ્થિત, સુપુત્ર નિરવના લગ્ન પ્રંસગે | ૩,૦૦,૧૨૦/- |
| ૨. સ્વ. પરીન્દ્રા રસિકલાલ પરીખ હસ્તે રસિકલાલ ચંદુલાલ પરીખ | ૧,૦૦,૦૦૦/- |
| ૩. સુરેન્દ્ર ચીમનલાલ પરીખ | ૫૦,૦૦૦/- |
| ૪. સોનાલી ગીરીશ જરિવાલા | ૫૦,૦૦૦/- |
| ૫. શિલ્પા ઉર્વિશ મોદી | ૨૫,૦૦૦/- |
| ૬. સ્વ. નવનિતલાલ પુનમચંદ શાહ તથા સ્વ. મંજુલાબેન નવનિતલાલ શાહ (સેવક) હસ્તે હરેન્દ્ર ચીમનલાલ મોદી | ૧૫,૦૦૦/- |
| ૭. ઉર્વિશ રસિકલાલ મોદી | ૧૧,૦૦૦/- |
| ૮. ઈન્દિરાબેન રજનીકાંત કડકીઆ | ૧૦,૦૦૦/- |
| ૯. શૈલી અકષીત પરીખ | ૫,૦૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારોનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારિ સમિતિ વતી - જસ્મીન શેઠ તથા ધર્મેશ શાહ - માનદ્ મંત્રીઓ**


Dent Villa

The Complete Family Dental Care

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**

· A complete dental consultation with digital x-ray.
· Complete prophylaxis (clean up) and gum care.
· Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
· Smile designing and esthetics.
· Complete prophylaxis for children.
· Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**

9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.

**Contact: 8879088330**

Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ)માં માહે ડીસેમ્બર ૨૦૨૧ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, આંખ, માનસિક, સોનોગ્રાફી, ફીજીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૪૯૧૫ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૨૧૫ દર્દીઓએ તથા પેથોલોજીક વિભાગમાં કુલ ૩૭૫૧ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૦૬ માઈનોર ૧૭, ગાયનેકના મેજર ઓપરેશન ૩૬ માઈનોર ૦૪ તથા ઈએનટી માઈનોર ૩૨ તેમજ આંખના મેજર ૨૪૬ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૫૮૩૬૪૫/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૯૦૯૦૫/- ની માફી તેમજ ઓપીડીમાં (લેબ, એક્સરે, ઓક્સીજન વિગેરે) માં રૂા. ૫૪૩૬૦/- ની માફી મળીને કુલ ૭૨૮૯૧૦/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

૧. **કુસુમબેન કીર્તનલાલ પારેખ છારી કેમ્પ :** હોસ્પિટલમાં છારીનો કેમ્પ યોજવામાં આવેલ. જેમાં તા.૧૭-૧૨-૨૦૨૧ ના રોજ ૩૮ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૨. **મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરસી) ઈકો કેમ્પ :** તા. ૨-૧૨-૨૦૨૧ના રોજ તથા તા. ૧૬-૧૨-૨૦૨૧ના રોજ ૨૯ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર**માં માહે ડીસેમ્બર ૨૦૨૧ ના માસ દરમ્યાન ફીઝીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી, નેફ્રોલોજી તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૧૫૩૬ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૪૦૮ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૮૬૪ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ લેબમાં રૂા. ૮૪૦/- રૂા. ની માફી તથા રૂા. ૨૨૮૧૬/- ની દવા માફી તેમજ એક્ષ રે માં રૂા. ૨૫૦/- તથા એક્ષ રે રીપોટીંગમાં રૂા. ૫૦/- ની માફી મળીને કુલ રૂા. ૨૯૯૫૬/- ની માફી તથા ડાયાલીસીસમાં રૂા.૬૦૦૦/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

- **યુરોલોજી નિદાન કેમ્પ :** તા. ૪-૧-૨૦૨૨ તથા તા. ૫-૧-૨૦૨૨ ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૫ દર્દીઓએ લાભ લીધેલ છે અને આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાંત યુરોલોજીસ્ટ ડૉ. ગૌરાંગ વાઘેલા તથા ડૉ. ગૌરવ બાધમારની સેવાઓ મળેલ (આ કેમ્પના નામકરણ માટે દાતાશ્રી આવકાર્ય છે.)
- **શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબિટીસ નિદામ કેમ્પ :**


**BENEFITS**




- Fresh As Of Packed
- Economical
- Highly Effective
- Long Lasting
- Space Saving
- Travel Friendly
- 100% Seal And Vacuum Guarantee

**VACUUM PRESS FOOD ITEAMS LIKE**



- All Types Of Snacks - Thepla, Khakra, Sev Mumra, Etc.
- Dry Fruits
- Pickles, Dry Aswell Cooked Food
- All Types Of Spices - Turmeric, Mirchi Powder, Dhana Jeeru, Etc.

**Address :**
B-3, 8th Floor, Matru Ashish, Nepean Sea Road, Opp. Russian Consulate, Mumbai - 400036

**Contact Details :**
*Hema Amit Mody*
**Tel. - 022-23682646 - Mobile : 9821875344**

તા. ૯-૧-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કે.એમ.જી. જનરલ હોસ્પિટલ તથા કે.એસ.પી. સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના ડૉક્ટરોની ટીમે સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૩૦ દર્દીઓએ લાભ લીધેલ. આ કેમ્પમાં જરૂરિયાતવાળા દર્દીઓને રૂા. ૬૯૧૯/- ની દવાઓ માફી તેમજ પેથોલોજીમાં રૂા. ૨૪૦૦/- ની માફી કરવામાં આવેલ.

- **શ્રીમતી કોકિલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાળા) માનસિક રોગોનો નિદાન કેમ્પ :** તા. ૧૧-૧-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૩૬ દર્દીઓએ લાભ લીધેલ. આ કેમ્પમાં રૂા. ૧૧૩૯૨/- ની દવાની માફી કરવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના નિષ્ણાંત ડૉ. અમિત શાહની સેવાઓ આપેલ.
- **શ્રીમતી કલાવતીબેન અને કાંતિલાલ સાંકરલાલ મહેતા સ્ત્રીરોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ :** તા. ૧૦-૧-૨૦૨૨ તથા ૧૧-૧-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૮૬ દર્દીઓએ લાભ લીધેલ. આ કેમ્પમાં ગાયનેક ડૉ. દિવ્યેશ ઠક્કરની સેવાઓ મળેલ.
- **હાડકાનો કેમ્પ :** તા. ૧૧-૧-૨૦૨૨ના રોજ કે.એસ.પી. સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં યોજવામાં આવેલ. આ કેમ્પમાં ગોધરાના આર્થો સર્જન ડૉ. જયેશ પટેલની સેવાઓ મળેલ. આ કેમ્પમાં કુલ ૫૭ દર્દીઓએ લાભ લીધેલ.

કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજની ગુજરાત નર્સિંગ કાઉન્સીલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્ષ માહે જાન્યુઆરી-૨૦૨૧ થી ચાલુ થઈ ગયેલ છે. બી.એસ.સી. માટે વધુ ૪૦ તથા જી.એન.એમ. માટે વધુ ૬૦ સીટોની અરજી કરેલ છે. આશા છે કે આવતા એકેડમીક વર્ષમાં માન્યતા મળી જશે. બાલાસિનોર વિદ્યા મંડળના કેમ્પસમાં નવી નર્સિંગ કોલેજના નકશા તૈયાર થઈ ગયેલ છે અને તેને લગતુ કાર્ય ટુંક સમયમાં આગળ ધપાવવામાં આવશે.

**શ્રીમતી સુભદ્રાબેન નવિનચંદ્ર શાહ નર્સિંગ કોલેજ માટે નીચે મુજબની લેબોરેટરીના નામકરણ માટે દાતાશ્રીઓને અપીલ કરવામાં આવે છે.**

| | | |
|---|---|---|
| ૧. | પ્રી-ક્લીનીકલ સાયન્સ લેબ (એનોટોમી તથા ફીજીયોલોજી) | રૂા. ૧૫ લાખ |
| ૨. | ઓડીઓ વીસ્યુઅલ એઈડ લેબ. | રૂા. ૦૫ લાખ |
| ૩. | એડવાન્સ સ્કીલ નર્સીંગ લેબ | રૂા. ૧૫ લાખ |
| ૪. | નર્સીંગ ફાઉન્ડેશન લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૫. | એમસીએસ એન્ડ પીડીયાટ્રીક લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૬. | કોમ્પ્યુટર લેબ. | રૂા. ૧૦ લાખ |

**સખાવતી દાતાઓનો સન્માન સમારંભ :** ગત વર્ષે કોરોના મહામારીના લીધે ટ્રસ્ટમાં સખાવતી દાન આપનાર દાતાશ્રીઓનો સન્માન સમારંભ યોજી શકાયેલો નથી. ચાલુ વર્ષે પણ કોરોના મહામારીનો સંજોગો ઉભા થતા ટ્રસ્ટમાં દાન આપનાર સખાવતી દાતાશ્રીઓનો સન્માન સમારંભ યોજવાનું મોકૂફ રાખવામાં આવેલ છે. ટ્રસ્ટમાં સખાવતી દાન આપનાર દાતાશ્રીઓનો ટ્રસ્ટીવતી ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.**

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.**

**શ્રી નિતીન પરીખ / શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

## વસંત ઉત્સવનો સમય ૪૦ દિવસનો હોય છે

**તેમાં ૧૦ દિવસ વસંત, ૧૦ દિવસ ધમાર, ૧૦ દિવસ ફાગ અને ૧૦ દિવસ હોળી એમ ૪૦ દિવસ સેવાના (ખેલના) થાય.**

૧) **પ્રથમ ૧૦ દિવસ :** પ્રિયા પ્રિયતમ ને બેસાડી શાંત ભાવથી સુક્ષ્મ ખેલ ખેલાવી સૌંદર્યના દર્શન કરે છે.

૨) **બીજા ૧૦ દિવસ :** ધમારના દિવસોમાં નિપૂણ ખેલાડી (પ્રભુ) સખા મંડળી અન્યના ઘરમાં પ્રવેશ કરી ખેલ ખેલી તેમને પોતાના યુથમાં સામેલ કરે છે.

૩) **ત્રીજા ૧૦ દિવસ :** ફાગના દિવસોમાં ટોળીના સભ્યો નાચતાં, ગાતાં, બજાવતાં પોત પોતાની મંડળીના ગલી-ગલીમાં જે કોઈ મળે તેને ગુલાલ, અબીલ ઉડાવી પિચકારી ચલાવી, રસવર્ષા કરતાં ગામમાં ફરે છે, ફાગનો ખેલ આખો દિવસ ચાલે છે.

(૪) **ચોથા ૧૦ દિવસ :** હોરી ખેલમાં બે દલ પડી જાય છે. ગામની બહાર હોળી ખેલ ખેલાય. એક દલના ખૈલાયા બીજા દલના ખૈલાયાઓને બળજબરીથી ખેંચી લાવી મોરલી ઝૂંટવી લઈ સાડી પહેરાવી બિંદી લગાવી સખી બનાવે છે. દલની બહાર જવાં દેતા નથી. બળજબરીથી પકડી રાખે અને જ્યારે હાથ જોડી હા...! હા...! કરે અને ફગુવા આપે ત્યારે છોડે છે.


## ઘર વેચવાનું છે

**સ્વ. શાંતાબેન ભીખાલાલ ધારીયા (કલેક્ટર)**

**રોકડીયાની શેરી,**
**ગોકુલનાથજી મંદિરની સામે,**
**બાલાસિનોર મુકામે ઘર વેચવાનું છે.**

**જેને લેવું હોય તે આ નંબર પર ફોન કરે**

**પિંકી વિપુલ ધારીઆ**
**૯૮૩૩૨૯૫૫૮૩**


## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **જયેશ પ્રફુલ્લચંદ્ર મોદી - બિંદુ જયેશ મોદી**
  ૧૨૦૩, વાસ્તુપીનેકલ, એકક્ષર રોડ,
  એકક્ષર તલાવ સામે, બોરીવલી (વે), મુંબઈ - ૯૨
- **કેદાર ચીમનલાલ ગાંધી**
  ૬૦૧ / સર્જન, શિંપોલી રયાની ગ્રામ,
  સેલ્યુટ હોટલની સામે, બોરીવલી (વેસ્ટ)
  મુંબઈ - ૪૦૦૦૯૨
- **અતુલ શાહ - પારૂલ શાહ**
  ૧૩૦૧, એલેન્ઝા, જે.એ. રાઉલ માર્ગ,
  પ્રભાદેવી, મુંબઈ - ૪૦૦૦૨૫
- **હેમંતકુમાર એન. દેસાઈ**
  સી/૫ - ૫૦૩ અક્ષર પેવેલીયન, વાસણા - ભાયલી રોડ,
  ગોત્રી, વડોદરા - ૩૯૧૪૧૦, ગુજરાત

  **વિદુલા રમેશ દોશી**
  એવર ગ્રીન વુડ, C બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૦૦૨,
  દસમે માળે, આરસા હોટલની સામે, કુર્લા રોડ,
  અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯
  વિદુલા - ૯૮૧૯૧૫૭૧૧૬
  રૌનક દોશી - ૮૮૯૮૭૧૫૯૫૯
  નીતા દોશી - ૯૯૩૦૬૧૦૦૮૯
- **સુનિલ બાબુલાલ પરીખ**
  ૧૧/૨, હિમાલયા કો.ઓપ. સોસાયટી,
  સદાનંદ હોટલ પાસે, ૧૦૯, આર.ડી. થડાની માર્ગ,
  પોદ્દાર હોસ્પિટલ સામે, વરલી, મુંબઈ - ૪૦૦૦૧૮

### મૃત્યુ નોંધ

| મૃત્યુ નોંધ | વર્ષ |
|---|---|
| સૂર્યાબેન રમેશચંદ્ર શાહ (હાથીખાનાવાળા) | ૮૬ |
| પ્રકાશ મોહનલાલ દેસાઈ | ૭૩ |
| દિનેશભાઈ મોજીલાલ શેઠ | ૮૯ |
| અંજનાબેન કીર્તિભાઈ મોદી (ચેપ) | ૭૮ |
| પંકજ ભીખાલાલ ધારીઆ (કલાકાર) | ૭૨ |
| મધુબેન નટવરલાલ પરીખ (ડાબલી) | ૮૮ |
| ઉર્મિલાબેન વિનોદચંદ્ર મહેતા | ૮૮ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB

WIRES & CABLES





- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, ▯ 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

Celebrating 25th Year

IES®

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE® AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS Lucent ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.